Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

# હરિભાવ

HARIBHAV (Gujarati Monthly) (Ahmedabad)

Vol. No. 28, Issue No. 01 10th October, 2023 Annual Subscription Rs. 50=00

વર્ષ : ૨૮, અંક : ૦૧ ૧૦મી ઑક્ટોબર, ૨૦૨૩ વાર્ષિક લવાજમ રૂ. ૫૦=૦૦



પૂજ્ય શ્રીમોટા સાથે શ્રી નંદુભાઈ

જે મારી સર્વ જડતા ઊંઘમાં ન હોજો,
નિદ્રામહીં હૃદયચેતન તારું રે'જો,
તારી સ્મૃતિ પ્રિય મને ઊંઘમાંય રે'જો,
ને તારું ભાન હૃદે તે સમયે મને રે'જો.

- શ્રી નંદુભાઈ

'જીવન સાર્થકતાની કેડીએ'(ઉત્તરાર્ધ), પ્ર. આ., પૃ. ૫૯

# દાનની જાહેર અપીલ

# વૈજ્ઞાનિકોને સંશોધન માટે એવોર્ડ




પૂજ્ય શ્રીમોટાએ આપણા દેશમાં વૈજ્ઞાનિકોને શોધખોળ કરવા માટે પ્રોત્સાહન અને જરૂરી આર્થિક મદદ પણ મળી રહે તે હેતુથી ભારત સરકારની ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી(PRL) સંસ્થાને ઈ.સ. ૧૯૭૨માં રૂપિયા ૨,૦૦,૦૦૦/- નું કોર્પસ અનુદાન આપ્યું હતું અને તેના વ્યાજમાંથી દર વર્ષે હરિ:ૐ આશ્રમ પ્રેરિત ડૉ. વિક્રમ સારાભાઈ રિસર્ચ એવોર્ડ આપવામાં આવે છે. આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. અબ્દુલ કલામ પણ ઈ.સ. ૧૯૯૮માં આ સન્માનીય એવોર્ડ મેળવી ચૂક્યા છે. હાલમાં સિનિયર સાયન્ટિસ્ટને ચાર લાખ રૂપિયા અને જુનિયર સાયન્ટિસ્ટને એક લાખ રૂપિયા પુરસ્કાર તરીકે આપવામાં આવે છે. હરિ:ૐ આશ્રમ દ્વારા આ વર્ષે પૂજ્ય શ્રીમોટાની ૧૨૫મી જન્મ જયંતીનું વર્ષ હોવાથી આ રકમ પાંચ કરોડ સુધી વધારવાનું નક્કી કર્યું છે. જેથી વૈજ્ઞાનિકોને વ્યાજની મોટી રકમ ઈનામ તરીકે મળે અને આપણા દેશમાં નવી નવી શોધ કરનારને પ્રોત્સાહન મળે.



| લક્ષ્ય | પ્રાપ્ત થયેલ દાનની રકમ | ખૂટતી રકમ |
|---|---|---|
| **પાંચ કરોડ**<br>**૫,૦૦,૦૦,૦૦૦** | **રૂ. ૩.૫૮ કરોડ**<br>તા. ૨૯-૦૯-૨૦૨૩ | **રૂ. ૧.૪૨ કરોડ**<br>છેલ્લી તા. ૩૧-૧૦-૨૦૨૩ |

**આ પવિત્ર દાનગંગામાં આપ ઓછામાં ઓછાં ૧ રૂપિયાથી માંડીને વધુમાં વધુ આપની શક્તિ અનુસાર રકમ દાન કરી શકો છો.**

આપનું દાન કલમ ૮૦G/5 હેઠળ કર રાહતને પાત્ર છે. પેમેન્ટનાં સ્ક્રીન શોટ સાથે આપનો પાનકાર્ડ નંબર, પૂરું એડ્રેસ, ફોન નંબર વગેરે નીચે આપેલ વોટસએપ નંબર ઉપર મોકલવો ફરજિયાત છે.

મેનેજિંગ ટ્રસ્ટી

નડિયાદ: શ્રી જીતેન્દ્ર અમીન: ૯૪૨૭૦ ૮૩૨૧૬

સુરત: ડૉ. શૈલેષ ગોટી: ૯૮૭૯૯ ૦૮૯૮૦

બેન્ક ખાતાની વિગત :

Benificiary Name : **HARIOM ASHRAM**

Saving Account no. : **20148791890,**

IFSC Code : **MAHB0000441**

(BANK OF MAHARASHTRA, NADIAD)

**હરિ:ૐ આશ્રમ, ટ્રસ્ટી મંડળ, નડિયાદ-સુરત**

પ્રકાશન સ્થળ :
બી/૫, સ્વસ્તિક ઍપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર

# હરિભાવ

સંપાદક : સુરેશચંદ્ર વોરા
સહાયક : વિવેક દેસાઈ

વર્ષ : ૨૮ અંક : ૦૧ ઑક્ટોબર, ૨૦૨૩

**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી વિવેક દેસાઈ, શ્રી બીરેન પટેલ
શ્રી સુરેશચંદ્ર વોરા
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૬૦૦/- (ઍરમેઈલથી)
એકથી દસ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા**
'હરિવાણી ટ્રસ્ટ', C/o. સુરેશચંદ્ર વોરા
ડી-૫૦૧, પરિમલ એક્ઝોટિકા,
નવયુગ સ્કૂલ સામે, મોહનનગર વિસ્તાર,
નરોડા, અમદાવાદ-૩૮૨૩૩૦,
Mo. / SMS / Whatsapp - 9427554391
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની
કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો.

ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : 'હરિવાણી ટ્રસ્ટ'
યુકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ-૩૮૦૦૦૭
બચત ખાતા નં.: ૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮
**IFS Code : UCBA0001687**
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ
**www.hariommota.org** ઉપર
'હરિભાવ' ઉપલબ્ધ હોય છે.
Email : hariommota1@gmail.com
મોબાઈલ : ૯૭૨૭૭ ૩૩૪૦૦

* Subject to Ahmedabad Jurisdiction

મુદ્રણશુદ્ધિ : **અંબિકા હરેશ પંડ્યા**

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર, મો.:૯૩૨૭૦૩૬૪૧૪**

ટાઈટલ : **મયૂર જાની, મો. ૯૪૨૮૪૦૪૪૪૩**

**અનુક્રમ**

| ક્રમ | વિગત | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | પદ્યપ્રસાદી ................................ શ્રીમોટા | ૪ |
| ૨. | 'હરિભાવ'ની ૨૭ વર્ષની યાત્રાએ આભારદર્શન .... ......................................... સંપાદક | ૫ |
| ૩. | શ્રીમોટાની કેટલીક લાક્ષણિક વાત ...... શ્રી નંદુભાઈ | ૭ |
| ૪. | ગીતા, ગાંધીજી અને વિદ્યાનંદજી મહારાજ.......... ......................રમણલાલ વસંતલાલ દેસાઈ | ૧૦ |
| ૫. | એકડા વિનાનાં મીંડાં ..........શ્રી રામકૃષ્ણ પરમહંસ | ૧૨ |
| ૬. | મારે તો મોટા એટલે જ ભગવાન ................ ..........................ડૉ. મનસુખભાઈ પટેલ | ૧૩ |
| ૭. | મૌનનો મહિમા ..........................ગાંધીજી | ૧૬ |
| ૮. | નડિયાદ શિબિરમાં પૂ. શ્રીમોટાનો શુભ સંદેશ ...... .................................શ્રીમોટા | ૧૮ |
| ૯. | તમે મારી સાથે સંબંધ રાખજો ...શ્રી કાર્તિકેય અ. ભટ્ટ | ૧૯ |
| ૧૦. | શ્રદ્ધા જ મુખ્ય, મૂર્તિ નહિ ........... શ્રીરંગ અવધૂત | ૨૧ |
| ૧૧. | દિવ્યતાનાં દર્શને ............પારુલબહેન આર. પટેલ | ૨૨ |
| ૧૨. | જીભ સુધરે તો જીવન સુધરે ......... ડોંગરે મહારાજ | ૨૪ |
| ૧૩. | પૂજ્ય શ્રીમોટાના ૧૨૫મા અવતરણ વર્ષ નિમિત્તે -૧૨ ................................ બાલુભાઈ પટેલ | ૨૫ |

## જ્ઞાનદાન - સહયોગ

પૂજ્ય શ્રીમોટાનાં સુરતનિવાસી સ્વજન શ્રીમતી ધ્રુલતાબહેન ધીરેનભાઈ પાઠક તરફથી આ અંકના પ્રકાશનમાં સહયોગ અપાયો છે. તેઓશ્રી અવારનવાર સહયોગ આપતા રહ્યાં છે. પૂજ્ય શ્રીમોટા પ્રત્યેની તેઓશ્રીના પરિવારની ભક્તિને વંદન કરતાં 'હરિભાવ' પરિવાર ઘણો ઘણો આભાર વ્યક્ત કરે છે. તેઓશ્રીએ આપેલ સહયોગની વિગત સપ્ટેમ્બર-૨૦૨૩ના 'હરિભાવ'માં પ્રકાશિત કરાઈ છે. - સંપાદક

## પ્રભુ-ભાને ભલું જીવવું

હૃદયનો ભાવ ના ખાલી, હૃદયનો ભાવ એકાગ્ર,
કરે મન બુદ્ધિ ને-પ્રાણ અહં ને ચિત્તને સાથ.
હૃદયનો ભાવ ઉમળકો ઊંડો ઉલ્લાસ પ્રગટાવે,
મનન, ચિંતવન કરાવીને જીવનમાં પ્રાણ પ્રેરાવે.
જીવન શું છે ? જીવન શું છે ? સદા તે ધ્યાન પ્રેરે,
પડી રહેવા ન દે ક્યાંયે ઉઠાડીને ચલાવે છે.
જીવનના ભાનમાં, પંથે ચૂકી જાતાં, સુઝાડે છે,
સુઝાડીને ઊંડા પ્રેમે ધીમાં ડગલાં ભરાવે છે.
સદા સંકોરી, સંકેલી ટકોર્યા તે કરે મનને,
થતાં રહેતાં બધાં કર્મે જીવન સમજણ બતાવે છે.
મથામણ શી કરાવે છે ? કળી ના જે શકાયે છે,
પથે અંધાર ઓછાડ થતાં, પગલાં બતાવે છે.
નજરવૃત્તિ જતી ક્યાં ક્યાં ! થતાં જ્યાં આડીઅવળી તે,
ખરેખર ચીંધી ડગ પાછાં ખરે રસ્તે ચડાવે છે,
રહો ના કાં પથે સીધાં ? કહીં કહીં જાવ છો ભાગી !
રહે ના ભાન કાં પૂરું ? અવળચંડી ગતિ ન્યારી !
કૃપા કરીને હૃદય જાગો પથે રહો દૃઢ ધીરજ ધારી,
જવું છે જીવનપંથે જીવનપથને રહો ન્યાળી.
કૃપા કરી પાંસરાં રહેજો, કઢંગું જીવવું અમથું,
મરણ તેથી ભલાં ! અદકું, પ્રભુ-ભાને ભલું જીવવું.

'જીવન મંડાણ', પાં.આ., પૃ. ૧૧૫-૧૧૬ ❑

(દોહરા)

શરદપુનમનો ચાંદલો, ચમકે પૂર્ણ પ્રકાશ;
સારી રજની જાગું હું પિયુ-મિલનની આશ.

**આશે** આશા બહુ વધે, પિયુ આવ્યાની તન;
લીન થઈ એ વિચારમાં, અર્પી તન, મન, ધન.
જીવન ન્યોછાવર કર્યું, બીજી ઉર નવ આશ;
દિલે રાખી બસ એકલી મોહન મળવાની આશ.

કરુણાનિધિ કહાવો, કંથજી! કરશો રંકને મ્હેર;
એ જ આશે વળગી રહી, માણવી મોજ ઘેર.
ચતુરાઈ દાખવો રંકશું જાણું છું તવ ભેદ;
ન્યારા થઈ ખેલો તમે, ઊપજે દાસી મન ખેદ.

રહી આશ્રયે હું શ્રેષ્ઠને, માન્યું જાણે પામીશ સુખ,
દર્શ અધુરું અર્પીને, આપ્યું જાણે ભેટમાં દુઃખ.
હૈડે લઈ ચાંપો દાસીને,પામું દિલે હું હાશ;
નિમિષમાત્રમાં તો <u>ટળે</u> ભવોભવની આશ.
ફળે

કોટી ચંદ્ર સમા હરિ! હૈયે વ્યાપો આપ;
કરવા સમર્થ જો મન લહો, જાણું તમ પરતાપ.
દાસી પરે દયા કરી, ત્યારે ભાળ્યું મેં દર્દ
વિના કૃપા ક્યમ રંક હું, જાણું પ્રીતિનો મર્મ?

સંદર્ભ : પ્રાર્થનાંજલિ - 'પૂજ્ય શ્રીમોટાની સાધનાકાળની પ્રાર્થનાઓ'માંથી સાભાર. આ પુસ્તક હવે પ્રગટ થવા જઈ રહ્યું છે. ❑

હરિઃૐ

**જે કાજે ઊતર્યા નીચે, તે હેતુને ફળાવવા**
**પ્રભુ જગાડતો રે'જે, હૈયે તને ઉગાડવા !**

તા. ૬-૧૧-૧૯૬૮ - શ્રીમોટા

'શ્રીમોટાના સથવારે', પ્ર.આ., પૃ. ૩ ❑

# (૨) ‘હરિભાવ’ની ૨૭ વર્ષની યાત્રાએ આભારદર્શન

સંપાદક

પૂજ્ય શ્રીમોટાનું અવતરણ સપ્ટેમ્બર મહિનામાં થયેલું. યોગાનુયોગ ‘હરિભાવ’નો પ્રથમ અંક પણ સપ્ટેમ્બર (૧૯૯૬)માં પ્રકાશિત થયો હતો. એટલે સપ્ટેમ્બર ૨૦૨૩ના અંક સાથે ‘હરિભાવ’ની ૨૭ વર્ષની યાત્રા પૂર્ણ થઈ છે અને ‘હરિભાવ’ના ઑક્ટોબર, ૨૦૨૩ના આ અંકથી ૨૮મા વર્ષની યાત્રાનો પ્રારંભ થાય છે તે નિમિત્તે આભારની ભાવના વ્યક્ત કરવાનો આ પ્રયાસ છે.

શ્રીસદ્‌ગુરુને પ્રણમીને તેઓશ્રીની કૃપાસહાયના પાયા ઉપર જ ‘હરિભાવ’નું ચણતર થઈ રહ્યું છે. તેમાં ‘હરિભાવ’ને જે જે સાધુ-સંતોના સાહિત્યનો તેમજ સંસ્થાઓનો અને સ્વજનોનો સદ્‌ભાવપૂર્ણ સાથ, સહકાર અને સહયોગ મળી રહ્યાં છે તે સર્વેને યાદ કરી તેમના પ્રત્યે અમારા મનહૃદયમાં આભારની લાગણી સાથે આદરભાવ છે તેને વ્યક્ત કરવાનો આ સમય યોગ્ય ગણાય.

સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. અમદાવાદના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યા સાહેબ દ્વારા ‘હરિભાવ’ની પ્રિન્ટિંગથી રવાનગી સુધીની કામગીરીમાં જે સદ્‌ભાવયુક્ત સહયોગ મળી રહ્યો છે, એ તો જાણે કે શ્રીહરિકૃપાનું જ વ્યક્ત સ્વરૂપ છે. તેઓશ્રીનો તથા તેમના અધિકારી કર્મચારીવર્ગનો આભાર વ્યક્ત કરવા જતાં પૂજ્ય શ્રીમોટાના શબ્દોમાં ‘થવાતું મૌન દિલ વિશે’નું સ્મરણ થઈ આવે છે.

પ્રારંભથી કંપોઝિંગની કામગીરી કરી આપતા અર્થ કૉમ્પ્યુટરના શ્રી કનુભાઈ પટેલનો સાથ સહકાર સરાહનીય છે.

‘હરિભાવ’ની મુદ્રણશુદ્ધિ નિઃશુલ્ક રીતે શ્રીમતી અંબિકા હરેશ પંડ્યા છેલ્લાં ત્રણ વર્ષથી કરી આપે છે. તેઓના અમે આભારી છીએ. ટાઇટલ ડિઝાઇનિંગમાં શ્રી મયુરભાઈ જાનીની કલાસૂઝનો લાભ પ્રાપ્ત થાય છે. સ્વજન ગ્રાહકોની અપગ્રેડ કરેલી યાદી પ્રમાણે પીનકોડ મુજબ સરનામાની પ્રિન્ટિંગની કામગીરીમાં સેવા આપનાર શ્રી વિશાલ પનારાના અમે ઋણી છીએ તથા ટ્રસ્ટના પ્રારંભથી રહેલા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ મહેન્દ્ર શાહ ઍન્ડ એસોસિએટ્સના પણ આભારી છીએ. હરિઃૐ આશ્રમ સુરત ‘હરિભાવ’નાં લવાજમ અને ભેટ અમારા વતી સ્વીકારી અમને પહોંચતી કરે છે તે બદલ તેઓશ્રીના પણ ખૂબ ખૂબ આભારી છીએ.

હરિવાણી ટ્રસ્ટ – ‘હરિભાવ’ને મળતી ભેટની રકમ દર મહિને ‘હરિભાવ’માં પ્રકાશિત થાય છે. છતાં અસહ્ય મોંઘવારીનો ભાર તો ‘હરિભાવ’ને પણ લાગે છે. છેલ્લાં ૨૦ વર્ષથી ‘હરિભાવ’નું લવાજમ ભારતમાં રૂ. ૫૦/- અને પરદેશમાં રૂ. ૬૦૦/- છસો રાખ્યું છે. પરંતુ હવે તેમાં વધારો કરવો અનિવાર્ય બનતા ટ્રસ્ટીમંડળે પોસ્ટ ખાતાની મંજૂરી બાદ જાન્યુઆરી ૨૦૨૪થી ભારતમાં વાર્ષિક લવાજમ રૂ. ૨૦૦/- બસો અને પરદેશ માટે રૂ. ૧૫૦૦/ – પંદરસો કરવાનું ઠરાવેલ છે. ત્યાં સુધી એટલે કે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૩ સુધી જૂનું -અગાઉનું

જ લવાજમ લેવાનું નક્કી કરેલ છે. આ તકે સૌ વાચક, ભાવુક સ્વજનોને વિનંતી છે કે આ નિર્ણય ન છૂટકે લેવાયો છે તેમ સમજી હંમેશની જેમ સહકાર આપતા રહે. ટ્રસ્ટીમંડળે સંપાદક તરીકેની મને કામ કરવાની જે સ્વતંત્રતા આપી છે તે સર્વનો આ તકે હૃદયના ઊંડાણથી આભાર વ્યક્ત કરું છું.

અંતમાં ટ્રસ્ટની અને 'હરિભાવ'ની સમગ્ર કામગીરીમાં જે નામીઅનામીના તન-મન-ધનનો સહયોગ મળી રહ્યો છે તે સર્વેને બેઉ કર જોડી વંદન કરતાં ધન્યતાની લાગણી અનુભવું છું. 'હરિભાવ' સાથે લાંબા સમયથી જોડાઈ રહેલા સ્વજનો-ગ્રાહકો પ્રત્યે પણ આભાર વ્યક્ત કરું છું. સૌ સ્વજનોને હરિઃૐ, હરિઃૐ.

## : જાહેર વિનંતી :

આ ઉપરાંત કાયમી ઉકેલ તરીકે રૂપિયા પચાસ લાખ (રૂ. ૫૦ લાખ)નું કોર્પસ ફંડ ઊભું કરવાનું વિચારેલ છે. આ માટે ઓછામાં ઓછા રૂપિયા એક લાખ કે વિશેષ રકમ જે સ્વજન આપશે તેમની વિગતો 'હરિભાવ'માં પ્રકાશિત કરાશે. તા. ૩૧-૦૩-૨૦૨૪ સુધી એટલે કે ચાલુ નાણાંકીય વર્ષના અંત સુધી આ પ્રકારની કોર્પસ ફંડ માટેની રકમ સ્વીકારાશે. અમારી આ અપીલનો હકારાત્મક પ્રતિભાવ સ્વજનો તરફથી મળશે તેવી આશા અને વિનંતી છે. ❑

## પ્રભુની કેવી કૃપાકળા છે !

પ્રભુની કેવી કૃપાકળા છે ! કોઈકના પરનું લખેલું લખાણ તે વળી કોઈને પિગળાવી શકે છે ! એ ઉપરથી એટલી તો ખાતરી થશે જ કે આ જીવે જે લખ્યું છે, તે બીજાં સદ્‌ભાવી હૈયાંને પણ સ્પર્શ કરી શકે એવું છે. મને તો દૃઢ આત્મવિશ્વાસ છે કે મેં મારા સ્વજનોને દિલ રેડીને લખ્યું છે, આમ જે લખાણો છપાયાં છે, તેમાંથી જો કોઈક જીવને સ્પર્શ થયો, તો પ્રભુકૃપાએ લેવરાવેલ સકળ શ્રમ સફળ થઈ કૃતકૃત્ય થઈ શકવાનો છે.

આ જીવના કાગળો દિલ પિગળાવી દે એવા છે, તે જો સાચેસાચી હકીકત હોય, તો તો તે પણ ઉત્તમ છે. તેથી જો કોઈપણ જીવનું દિલ પીગળી શક્યું, તો તે તો, તે જીવની ઉત્તમ સેવાભક્તિ છે. અમારે તો જ્યાં ત્યાંથી સ્વજનોને ઊંઘી જવા દેવા નથી.

'ભગતમાં ભગવાન', છઠ્ઠી આવૃત્તિ, પૃ. ૪૭૯ - **શ્રીમોટા**

• • •

મનને એના મનગમતા વિષયમાં મહાલવાનું અટકાવવા આપણે એને જીવનધ્યેયના વિષયનું કોઈ બીજું કામ સાથે સાથે આપવું જોઈશે અને તે છે પ્રેમભક્તિપૂર્વકનું પ્રભુનું નામસ્મરણ.

('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૬૫) - **શ્રીમોટા**

## (૩) શ્રીમોટાની કેટલીક લાક્ષણિક વાત

શ્રી નંદુભાઈ

પૂજ્ય શ્રીમોટા, ભણી રહ્યા પછી આફ્રિકાથી ઑફર આવી. એ વખતે ખેડા જિલ્લામાંથી ઘણા લોકો શિક્ષક તરીકે આફ્રિકા જતા. એમના ભાઈ સોમાભાઈ પણ ગયેલા. મોટા, અન્ડર ગ્રૅજ્યુએટ થયેલા. વિદ્યાપીઠમાં સ્નાતક સુધી ભણેલા. એટલે એમને ઑફર આવી. એ વખતે પગાર સારો મળતો. જે જે આફ્રિકા ગયેલા તે તે બધા આર્થિકપણે ખૂબ સુખી થયેલા, પણ મોટાએ તો કહ્યું, 'મેં તો સેવાનું વ્રત લીધું છે. મારે તો ક્યાંય જવું નથી.' એટલે ઑફર નકારી. પછી પેરિસ જવાની ઑફર આવી. ગુલાબભાઈ ભાવસાર કરીને એક ઝવેરી હતા. (પાછળથી મારે એમની સાથે પરિચયમાં આવવાનું બનેલું.) એ ભાઈએ ઑફર કરેલી કે 'મારા સેક્રેટરી તરીકે અહીં આવો.' આ ઑફર પણ મોટાએ સ્વીકારી નહિ. એ બતાવે છે, કે તે વખતે પણ તેમને ધનનો મોહ ન હતો. એ વખતે ધાર્યું હોત તો સારી નોકરી મળત. સારા પૈસા કમાત, પણ સેવાનું વ્રત લીધેલું. પૈસાનો મોહ તો તેમને એ વખતથી જ ન હતો. એમને તે વેળાના પચાસ રૂપિયા મળતા. તે ઘરમાં આપી દે. મહિને તે વેળાનો એક આનો પોતાની પાસે રાખે. શું કરવા ? તો હજામત કરાવવા પૈસા જોઈએ. પૈસાના તદ્દન નિર્લોભી હતા. ગાંધીઆશ્રમની બાજુમાં લાલ બંગલો છે. તેમના છોકરાને ટ્યૂશન આપે. તે મહિને સારો એવો પગાર મળતો. ઘણો સારો પગાર. સંઘનો જે પગાર હતો તેનો અડધો અડધ પગાર, એક કલાક ભણાવવાનો તેમને મળતો. તે બધી રકમ સંઘમાં જમા કરાવી દેતા.

કોઈકે પૂછ્યું કે 'આમ કેમ ભગત ?' તો કહે, 'મારે સંઘ માટે કામ કરવાનું છે. સંઘનું કામ કરવાનું વ્રત લીધું છે. તેમાંથી હું મારો કલાક આપું છું ને ! તો એ પૈસા હું રાખું તો મેં ચોરી કરી કહેવાય. જે કાંઈ ઉપાર્જન થાય તે સંઘને મળવું જોઈએ.'

આવું કોણ કરી શકે ? એક બાજુ ઘરમાં પૈસાની ખેંચ પડતી. પૈસાની ખેંચને કારણે એમનાં વિધવા ભાભી દળણાં દળતાં. આવી સ્થિતિમાં પણ એમણે પોતાના ટ્યૂશનના પૈસા પોતાની પાસે રાખ્યા નહિ.

એમને પોતાને જે ભેટો મળેલી-૧૯૬૦-૧૯૬૧ના પચાસ હજાર રૂપિયા એટલે આજના લગભગ પચીસ લાખ રૂપિયાથી વધારે ગણાય, (સન ૧૯૯૫ના સમયે...સં.) તે એમણે ગુજરાતી સાહિત્ય પરિષદને પહેલું દાન કર્યું. એમને વિદ્યા માટે કેટલો બધો લગાવ હતો ? વિદ્યા માટે કેટલો બધો એમનો પ્રેમ હતો ? આમ તો ગરીબોને માટે જ એમનું જીવન હતું, પણ એમને લાગ્યું કે સાથે સાથે આ પણ જરૂરનું છે. એટલે ગુજરાતી સાહિત્ય પરિષદને તે વેળાના પચાસ હજાર રૂપિયા આપ્યા. કોઈ જાતનું નામ નહિ. કોઈ જાતની જાહેરાત નહિ. કશું જ નહિ. એવી રીતે પૈસા પ્રત્યે નિર્મોહના ઘણા બધા પ્રસંગો છે.

હરિઃૐ આશ્રમ એમનો જ ગણાય, પણ તેઓ ટ્રસ્ટી તરીકે પણ રહ્યા નહિ. એવું કોઈ ટ્રસ્ટ ભાગ્યે જ જોવામાં આવશે કે સર્જક પોતે એક

ટ્રસ્ટી ના હોય અથવા તો એના કુટુંબનું કોઈ એવું માણસ ટ્રસ્ટી ના હોય. ઘણી જગ્યાએ તો બબ્બે ત્રણ ત્રણ હોય છે, પણ અહીંયાં તો પોતાનું નામ પણ નહિ અને ટ્રસ્ટીઓને એટલે સુધી અધિકાર કે ટ્રસ્ટીઓને જો ઇચ્છા થાય તો મોટાને દાખલ થવા દે, નહિ તો ના પાડે કે 'ના ભાઈ, તમારે આવવાનું નથી.' પછી એમનો કોઈ જાતનો કાબૂ રહેતો નથી. મોટાને સત્તાનો મોહ નહિ. ઑથોરિટી- જેને કહીએ તે નહિ. નાનામાં નાના માણસ સાથે પણ પોતાનું કામ હોય તો હુકમથી નહિ, પણ પ્રેમથી કરાવતા.

એકવાર નડિયાદમાં તલાટીને ઘેર જવાનું હતું. તલાટી પાસેથી દાખલો મેળવવાનો હતો. આશ્રમનું કામ હતું. તો કહે, 'ચાલો આપણે તલાટીને ત્યાં.' જે ભાઈ સાથે જવાના હતા તે કહે, 'મોટા, તમારે જવાનું હોય નહિ. પ્રેમથી અહીં આવશે.' તો કહે, 'મારે એનું કામ છે, એને મારું કામ નથી. એ માટે તો મારે એને ઘેર જ જવું જોઈએ.' એ માટે ખોળતાં ખોળતાં નડિયાદમાં એને ઘેર ગયા. આટલે સુધી એમની નમ્રતા હતી. સૂક્ષ્મમાં સૂક્ષ્મ સમજણ હતી.

જેનું સ્થાન જ્યાં હોય ત્યાં એમને માન આપવું. એમના ભાઈ-મૂળજીભાઈના છોકરાનાં લગ્ન હતાં. બપોરે ચારેક વાગ્યે લગ્ન હતાં. બપોરે ગાડી બોલાવી અને ત્યાં પહોંચ્યા. મેં કહ્યું, 'મોટા, તાપ બહુ પડે છે.' 'તાપ-બાપ જોવાનો હોય નહિ. ચાલો.' અમે પહોંચ્યા. તે વખતે સગાંવહાલાંઓ બેઠાં હતાં. લગ્નનો આગલો દિવસ હતો. છોકરાના મામા-સોમાભાઈ, મોટાનો બહુ આદર કરે અને માન રાખે.

બીજે દિવસે લગ્ન હતાં. આજે એ છોકરાની જોડે બેઠેલા. મોટા ગયા એટલે સોમાભાઈ ખસી ગયા અને બોલ્યા 'આવો મોટા, બેસો.'

મોટા કહે, 'ના, આજે તો એ જગ્યા તમારી છે. હું અહીંયાં ગુરુ તરીકે નથી આવ્યો. હું તો એ છોકરાના કાકા તરીકે આવ્યો છું. મારું સ્થાન તમારા પછી. તમે એ છોકરાના મામા છો. તમારે ઉઘલાવવાનો છે. કર્તા - કારવતા તો તમે છો.' કેવો સૂક્ષ્મ વિવેક ! પેલા સોમાભાઈ તો શરમિંદા બની ગયા. મોટા, ના બેઠા તે ના જ બેઠા અને એમને જ વરરાજા પાસે બેસાડ્યા. એટલે જ્યાં જાય ત્યાં **પોતાને જ મુખ્ય સ્થાન મળવું જોઈએ તેવી ક્યારેય ઇચ્છા નહિ.**

મોટા, કરાંચીમાં જેમને ત્યાં રહેલા હતા, એમની છોકરીનાં લગ્ન એમના મૂળ વતન કાલોલમાં હતાં. અમે એ બહેનનાં લગ્નમાં ગયેલા. જે બહેનને માટે બનારસ રહેલા એ બહેનનાં લગ્ન હતાં. ત્યાં શાક સમારવા બેસી જાય. પરચૂરણ કામ કરવા ઘરમાં બેસી જાય. જાણે સામાન્ય માણસ ઘરમાં હોય તેમ વર્તે. ઘણી વખત તો આવી સામાન્ય રીતભાત જોઈને અવગણના પણ થાય. જે કુટુંબમાં એ ઊછરેલા, જે કુટુંબમાં કરાંચીમાં કદીક કદીક રહેતા એ ભાઈને આધ્યાત્મિક વિષયમાં રસ હતો અને એમને મોટા તરફ માન પણ ઘણું હતું, પરંતુ પોતાના ઘરમાં રહેલા એટલે 'ચૂનિયા' કહીને જ બોલાવે. 'ચૂનિયા, આમ આવજે ને લગીર' એમ કહે. એક બાજુ જુએ ખરા કે નંદુભાઈ છે, હેમંતભાઈ છે- એ મોટાને કેટલું બધું માન આપે છે ! અમે બધા સાથે ગયેલા. એમની ગણના થાય કે ના થાય, કોઈ અવગણે તોય કશું નહિ. મોટા મને કહે, 'જુઓ, હું જે કરું છું તે મને કરવા દેજો.

તમારે વચ્ચે કશું બોલવાનું નથી.' મોટા તો તેમની ટોપીને ઈસ્તરી કરે, કપડાંને ઈસ્તરી કરે, વાળી આપે, એમની બૅગમાં મૂકે. બધું નોકરનું કામ પ્રેમથી કરે. એમનું નામ 'પરસદભાઈ'. તે મોટાને શિરડી સાંઈબાબાને ત્યાં લઈ જવાના હતા. એ ભાઈને મૌનમાં બેસવું હતું.

મોટાને કહે, 'ચૂનિયા, તું મારી સાથે જ આવજે.'

ચૂનીભાઈ તૈયાર થઈ ગયા. રસોઇઓ સાથે હતો. પછી તો ચમત્કાર થયો. શિરડીમાં મૌનરૂમમાં પરસદભાઈને પોતાના જીવનની ફિલમ દેખાવા માંડી. એમણે શું શું કર્યું હતું. સારું નરસું બધું જે કાંઈ કર્યું હતું, તે બધું ચિત્રની માફક એમને દેખાવા માંડ્યું. ભીંત ઉપર જાણે ફિલમ ચાલતી હોય તેમ બધું જોતા હોય. ત્રાસી ગયા. કહે, 'ચૂનિયા, હવે આ તારી ફિલમ બંધ કર. મારાથી આ જોવાતું નથી.'

કોઈક વખત અવગણના થાય તોપણ મનમાં તેનો લેશ પણ રંજ નહિ. જરાય રંજ ન હતો. મુક્તાત્માને કશું અડતું જ નથી.

'શ્રીમોટાની મહત્તા', બી.આ., પૃ. ૪૮-૫૧ ❑

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન/ભેટ

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | એક સ્વજન | વડોદરા | ૧૧,૦૧૧/- |
| ૨. | કુંતલ મારફતિયા | પૂના | ૧૦,૦૦૦/- |
| ૩. | નામ કે સરનામું જણાવેલ નથી<br>(તેમને વિનંતી કે નામ, સરનામું, પાનકાર્ડ નંબર આપે.) | | ૫,૦૦૦/- |
| ૪. | મહેન્દ્રભાઈ ભગુભાઈ ચૌહાણ<br>(સદ્‌ગત જીવનસાથી નર્મદાબહેન મહેન્દ્રભાઈ ચૌહાણના સ્મરણાર્થે) | સુરત | ૨,૫૫૧/- |
| ૫. | એક સ્વજન | સુરત | ૧,૧૧૧/- |
| ૬. | પૂજા મિનય મહેતા | મુંબઈ | ૫૦૨/- |
| ૭. | દેવલ પી. જાની | મુંબઈ | ૫૦૧/- |
| ૮. | ગુણવંતભાઈ બી. ભૂંગરીયા | અમદાવાદ | ૫૦૧/- |
| ૯. | ભરતભાઈ હસમુખલાલ જોગી | સુરત | ૫૦૧/- |
| ૧૦. | રજનીભાઈ નરોત્તમભાઈ પટેલ | સુરત | ૫૦૦/- |
| ૧૧. | પ્રમોદભાઈ છોટુભાઈ દેસાઈ | સુરત | ૨૫૧/- |
| ૧૨. | પંકજભાઈ એન. જાની<br>આનંદબહેન જાની તથા રીના જાનીની પુણ્યતિથિ નિમિત્તે | મુંબઈ | ૨૦૨/- |
| ૧૩. | લતાબહેન શંભુરામ પંડ્યા | સુરત | ૨૦૦/- |

**ઉપરોક્ત સર્વે દાતાઓના અમો ખૂબ ખૂબ આભારી છીએ. - સંપાદક**

## (૪) ગીતા, ગાંધીજી અને વિદ્યાનંદજી મહારાજ

રમણલાલ વસંતલાલ દેસાઈ

*(પૂજ્ય સ્વામીજી વિદ્યાનંદજી મહારાજ જેઓએ ગીતામંદિરોની સ્થાપના કરાવેલી અને પોતે સાચા દેશભક્ત પણ હતા તે આ લેખમાં જણાઈ આવે છે. જીવનમાં 'ગીતા'નું જે મહત્ત્વ છે તે તેઓએ પોતાના પૂરા જીવન દરમ્યાન પ્રસાર કરી જણાવ્યું હતું. તેમના સંઘર્ષનું વર્ણન લેખકે જણાવેલ છે. - સંપાદક)*

સ્વામીજી વિદ્યાનંદજી મહારાજ ડાકોર ગયા. મંદિરની પાછળના સભા-મંડપમાં તેઓ બેઠા હતા. ત્યાં કેટલીક બહેનો નીચેનું ગીત ગાતી તેમણે સાંભળી.

'સાબરમતીના તીરે, આશ્રમ બાંધ્યા ફકીરે, સ્વરાજ લેવા કારણે'... વિગેરે વિગેરે ગીત તેમને ગમ્યું એટલે તેમણે બહેનોને પૂછ્યું, 'આપ કોણ છો ? ક્યાંથી આવો છો ?'

'મહાત્મા ગાંધીના આશ્રમમાંથી અમે આવીએ છીએ. અમારી પાસે પેલાં જે છે તે મહાત્મા ગાંધીનાં ધર્મપત્ની છે.' બહેનોએ ઓળખાણ આપી. સ્હામેથી જ સૌ. કસ્તૂરબાએ આવી સ્વામીજીને પ્રણામ કર્યા અને કોક દિવસ સત્યાગ્રહ આશ્રમ જોવા આવવા આમંત્રણ આપ્યું.

થોડા દિવસ પછી જ સ્વામીજી અમદાવાદ ગયા. ભીમનાથમાં ઊતર્યા હતા, ખાસ આશ્રમ જોવાને જ આવ્યા હતા એટલે ત્યાં જઈ બધે ફરી નિરીક્ષણ કર્યું. આશ્રમ તે વખતે માત્ર ઝૂંપડાંઓના રૂપમાં જ હતો. તે જોઈ સ્વામીજી ખૂબ ખુશ થયા. મહાત્મા ગાંધીજી પણ ત્યાં મળ્યા, દરરોજ તેમની સાથે 'જેલરોડ' પર બંનેએ એકલાએ ફરવા જવાનું નક્કી કરવામાં આવ્યું. રસ્તામાં અનેક પ્રકારની વાતો થતી. એક દિવસ ફરતે ફરતે આશ્રમની સહભોજનની પ્રથા વિશે સ્વામીજીએ ચર્ચા છેડી. મહાત્માજીએ સમાધાનકારક ઉત્તર આપ્યો, 'આશ્રમમાં તેના સંબંધમાં બે રીતની વ્યવસ્થા રાખવામાં આવેલી છે. જે પારિવારિક જીવન ગાળવાની ઇચ્છા રાખતા હોય તેમને સારુ સર્વની સાથે, અગર સર્વના હાથનું, ભોજન કરવાનું બંધન છે. બીજી જેઓ એક પરિવારના ઢંગથી રહેવાનું ઇચ્છતા ન હોય તેમને ખાનપાનની સ્વતંત્રતા છે. હવે રહી લોકોના અભિપ્રાયોની વાત, અને એમાં તો સંસારનો એ કાયદો જ છે કે કોઈ સારુંયે કહે અને ખોટુંય કહે.' એક વખત આશ્રમમાં સૌ નંદુબા, સૌ. સરલાબહેન, સૌ. અનસૂયાબહેન આદિ કેટલીક વિદુષી સન્નારીઓ રેંટિયો કાંતતી બેઠી હતી. તે અરસામાં સ્વામીજી ત્યાં જઈ પહોંચ્યા, કાંતવાનું કાર્ય સમાપ્ત કરી ખાદીની ચર્ચામાં સહુ ઊતરી પડ્યા. ગાંધીજીએ સ્વામીજી સામું જોઈ ટકોર કરી. 'નંદુબહેન, સરલાબહેન, આપણે હજી ઘણી મોટી વસ્તીને ખાદીઘેલી કરવાની બાકી છે. સાધુઓ અને સંતો જાતે એને અપનાવે અને પોતાનાં ભક્તમંડળને તેમ કરવા પ્રેરે તો આપણું કામ કેટલું બધું હલકું થઈ જાય ? નહિ વારુ ?' જરૂર સહુએ સંમતિ આપી.

(ઉપરના પ્રસંગ - સં.) પછી અમદાવાદમાં શેઠ રમણલાલ લલ્લુભાઈએ 'વિક્રમ મીલ' કાઢી, તેનું ઉદ્‌ઘાટન સ્વામીજીને હાથે કરાવડાવ્યું હતું. ત્યાંથી નડિયાદના સંતરામજીના ભક્તો તેમને નડિયાદ લઈ ગયા. ત્યાં તેમણે અસરકારક (ગીતા) વ્યાખ્યાનો આપ્યાં. તે વખતે ભરવામાં

આવેલું ખાદીપ્રદર્શન પણ સ્વામીજીના હાથે જ ખુલ્લું મુકાવવામાં આવ્યું હતું. ત્યાં એક હ્રદયસ્પર્શી પ્રસંગ એવો બન્યો કે સ્વામીજીના શિષ્યા તથા અમદાવાદનાં સુપ્રસિદ્ધ વિદુષી બહેનો સૌ. નંદુબા કાનુગા, સૌ. સરલાદેવી વિગેરે હાજર હતા. તેમણે સ્વામીજીને જોયા. ખાદીનું પ્રદર્શન હતું. સ્વામીજી મહાત્માજીના આશ્રમમાં ગયા હતા ત્યારે ખાદીસંબંધી થયેલ વાર્તાલાપનો આખો ચિતાર તેમની સન્મુખ ખડો થઈ ગયો અને સૌ. નંદુબાએ સ્વામીજીને સહજ એક પ્રશ્ન કર્યો, 'આપ શુદ્ધ ખાદીધારી ન બની શકો ?' 'કેમ નહિ ?' સ્વામીજીએ ઉત્તર દીધો. 'તો પછી એનું વ્રત આપ લઈ નાખો ને ?' તેમણે આગળ ચલાવ્યું.

'અમારા જેવા વિરક્ત સંન્યાસીથી તે પાળી શકાય ખરું ?' ગમે ત્યાં જવું પડે, જે કાંઈ આપે, જેવું કોઈ આપે તેનાથી ચલાવી લેવું પડે. એટલે આવો આગ્રહ રાખવો ભારે થઈ પડે. સ્વામીજીએ મુશ્કેલી બતાવી.

'પણ મારા પોતાના તરફથી વ્યક્તિગત રીતે આ બાબતની હું આપને નિશ્ચિંતી આપી શકું ? જો તેથી કામ સરતું હોય તો જાઓ, એ ચોક્કસ સમજજો કે જ્યાં સુધી આ નંદુબાના ખોળિયામાં પ્રાણ હશે ત્યાં સુધી તે આપને પહેરવાને માટે શુદ્ધ ખાદી મોકલાવ્યા જ કરશે.' સૌ. નંદુબાએ પ્રતિજ્ઞારૂપે જાહેર કર્યું.

સ્વામીજીએ એનો પડકાર ઝીલી જણાવ્યું. 'ધન્ય છે તમારી ભાવનાને ! હું પણ ખાતરી આપું છું કે દેશમાં જ્યાં સુધી સ્વરાજ સ્થાપિત નહિ થાય ત્યાં સુધી હું ખાદી જ પહેરીશ.'

આ પ્રસંગ પછી સ્વામીજી પોતાના શિષ્યોને આ જ સલાહ આપ્યા કરતા હતા.

(એકવાર) જબલપુરથી તેઓ વડોદરે ગયા. ત્યાં ગીતાકથા શરૂ કરી દરમ્યાન વડોદરા રાજ્ય પ્રજામંડળના રાજકીય નેતાઓની વિનંતીથી 'સ્વદેશી' ઉપર એક વ્યાખ્યાન મહારાજા થિયેટરમાં તેમણે આપ્યું હતું. ત્યાંથી અમદાવાદ ગયા. બોરડી મિલમાં કથા ચાલતી હતી. એક વખત શ્રીમતી મૃદુલાબહેનના કહેવાથી એ કથામાં ભારતભૂષણ પંડિત મદનમોહન માલવિયા તથા બાબુ રાજેન્દ્રપ્રસાદ આવ્યા હતા. સ્વામીજીએ તેઓને પોતાની પાસમાં બેસવા આમંત્રણ આપતાં વિનમ્રભાવે તેઓએ નીચે જ શ્રોતાઓની હારમાં પોતાની બેઠક લીધી હતી અને જણાવ્યું હતું. 'આપની હારમાં અમો બેસી શકીએ નહિ. અહીં નીચે બેસવામાં જ અમે અમારું કલ્યાણ સમજીએ છીએ.' સ્વામીજી નાગપુર ગયેલા ત્યારે શ્રી હજારીલાલ શ્રીવાસ્તવ નામના એક સુશિક્ષિત ગૃહસ્થ ભક્તના મનમાં એવી સ્ફુરણા થઈ હતી કે ગીતા ઉપરની સ્વામીજીની કથાની નોંધ લઈ પુસ્તકાકારે તેને ગ્રંથિત કરી લેવી. તે પ્રમાણે તેમણે ત્રણ વર્ષના અરસામાં સ્વામીજી સાથે ઘૂમી અઢારે અધ્યાયની તેમની કથાની નોંધ લઈ 'ગીતાગૌરવ ભાષ્ય' નામના પુસ્તકરૂપે પ્રગટ કરી. જે મોટા મોટા પાંચ ભાગમાં આ પુસ્તક બહાર પડેલું છે. જે હિંદી તથા ગુજરાતી ભાષામાં એ ભાષ્ય રચાયું છે. તેનું અંગ્રેજી સંસ્કરણ પણ બહાર પાડવામાં આવ્યું છે.

'સ્વામી વિદ્યાનંદજી મહારાજ, પહેલી આ., પૃ. ૧૯૩,૧૯૫,૨૨૦-૨૨૧, (પુસ્તકમાં જે રીતે ભાષા છે તેવી જ લીધેલી છે) પ્રકાશન સને ૧૯૫૫ ❑

## (૫) એકડા વિનાનાં મીંડાં

**શ્રીરામકૃષ્ણ પરમહંસ**

જેમ જેમ સાધક આગળ વધે તેમ તેમ ઐશ્વર્યનો ભાગ ઓછો થતો જાય. સાધકને પહેલાં દર્શન થાય દેવી દશભુજાનાં, ઈશ્વરમૂર્તિનાં. એ સ્વરૂપમાં ઐશ્વર્યનો વધુ પ્રકાશ. ત્યાર પછી દર્શન થાય દ્વિભુજ-દેવીનાં. તેને દશ હાથ નહિ, એટલાં અસ્ત્ર-શસ્ત્રોય નહિ. ત્યાર પછી ગોપાલ સ્વરૂપનાં દર્શન, એમાં ઐશ્વર્ય જરાય નહિ, માત્ર નાના બાળકનું સ્વરૂપ. એથીયે આગળ છે, કેવળ જ્યોતિદર્શન. ઈશ્વરપ્રાપ્તિ થયે, પરમાત્મામાં સમાધિસ્થ થયે, પછી તર્ક-વિચાર બાકી રહે નહિ. તર્ક-વિચાર ક્યાં સુધી ? જ્યાં સુધી અનેકપણાનું ભાન હોય, જ્યાં સુધી જીવ,જગત, હું, તું એવું બધું ભાન હોય ત્યાં સુધી. જ્યારે બરાબર એકનું જ્ઞાન થાય ત્યારે તર્ક શાંત થઈ જાય, જેમ કે ત્રૈલંગ સ્વામી.

'નાત જમતી હોય ત્યારે જોતા નથી ? શરૂઆતમાં ખૂબ દેકારો. જેમ જેમ પેટ ભરાતું જાય તેમ તેમ અવાજ ઓછો થતો જાય. જ્યારે છેવટે દાળભાત આવી જાય, ત્યારે માત્ર સબડકા, સુપ, સુપ, બીજો કશો અવાજ નહિ. અને ત્યાર પછી નિદ્રા, સમાધિ. ત્યાર પછી અવાજનું નામનિશાન નહિ !'

કેટલાય વાતો કરે બ્રહ્મજ્ઞાનની, પરંતુ હલકી વસ્તુઓમાં જ મશગૂલ રહે, ઘરબાર, પૈસાટકા, માનમરતબો, વિષયભોગ એ બધાંમાં.

બ્રહ્મજ્ઞાન થાય એટલે સંસાર ઉપરની આસક્તિ, કામકાંચન ઉપરની પ્રીતિ એ બધું ચાલ્યું જાય, બધું શાંત થઈ જાય. લાકડાં સળગતી વખતે કેટલોય તડ તડ અવાજ અને અગ્નિની ઝાળ થાય, પણ બધું બળીને ખાખ થઈ ગયા પછી અવાજ જ રહે નહિ. તેમ આસક્તિ જતાં જ ઉમંગ ચાલ્યો જાય અને છેવટે શાંતિ. ઈશ્વરની જેટલા નજીક આગળ વધશો તેટલી શાંતિ વધશે, શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ પ્રશાન્તિઃ. ગંગાની જેટલા નજીક જાઓ તેટલી ઠંડક વધુ લાગે. સ્નાન કર્યે એથીયે વધુ શાંતિ.

પણ જીવ, જગત, ચોવીસ તત્ત્વો એ બધું ઈશ્વર છે એટલે છે. ઈશ્વરને બાદ કર્યે કશુંયે રહે નહિ. એકડાની પાછળ મીડાં ચડાવ્યે સંખ્યા વધી જાય. એકડાને ભૂસી નાખ્યે એ બધાં મીડાંની કોઈ જ કિંમત નહિ.

બ્રહ્મજ્ઞાનની પછી, સમાધિ પ્રાપ્ત થાય પછી, કોઈ કોઈ નીચેની ભૂમિકાએ ઊતરી આવીને ભક્તિનો અહમ્, વિદ્યાનો અહમ્ રાખીને રહે. નારદ જેવા લોકોપદેશ માટે ભક્તિનો અહમ્ રાખીને રહે. શંકરાચાર્યે લોકોને ઉપદેશ કરવા માટે વિદ્યાનો અહમ્ રહેવા દીધો હતો.

મનમાં જો સહેજ પણ આસક્તિ રહી જાય તો ઈશ્વરને પામી શકાય નહિ. જેણે ઈશ્વર-પ્રાપ્તિ કરી હોય તેનામાં ક્રોધાદિ નામમાત્ર જ રહે. જેમ કે બળેલી સીંદરી. એ સીંદરીનો આકાર માત્ર હોય, પણ ફૂંક મારતાં જ ઊડી જાય તેમ. **મન આસક્તિ રહિત થતાં જ ઈશ્વરનાં દર્શન થાય.** શુદ્ધ મનમાં જે ઊઠે તે ઈશ્વરની જ વાણી. શુદ્ધ મન એ જ શુદ્ધ બુદ્ધિ, શુદ્ધ આત્મા પણ એ જ, કારણ કે પરમાત્મા વિના બીજું કોઈ સંપૂર્ણ શુદ્ધ નથી.

'શ્રીરામકૃષ્ણ કથામૃત', ભાગ-૧ પ્ર. આ; પૃ. ૧૪૨ ❑

## (૬) મારે તો મોટા એટલે જ ભગવાન

ડૉ. મનસુખભાઈ પટેલ

**કમુબા :** રંગૂનમાં અમારે ઘેર 'હરિજનબંધુ' નામનું પેપર આવતું. તે હું વાંચતી. એટલે મનમાં થયું કે 'ગાંધીજીની પદ્ધતિવાળા ગુરુ હોય તો સારું.' 'હરિજનબંધુ' એ ચાર પાનાંનું પેપર, પણ એટલું સરસ કે તમારે પુસ્તક વાંચવું પડે નહિ. એટલું સરસ ! 'હરિજનબંધુ' નામનું છાપું ગાંધીજીએ બહાર પાડેલું. ગાંધીજી અને **મોટા**નું સાહિત્ય એક જેવું જ છે. **મોટા**ને મળતું આવે બધું.

પહેલે જ દિવસે **મોટા** બોલ્યા કે, 'જમીને જજો.' પછી **મોટા** મને કહે કે, 'તું ખાદી શા માટે પહેરે છે ?' મેં કહ્યું, '**મોટા**, હું થોડું ભણેલી છું. બહુ ભણેલી નથી. એટલે કે લખતાં વાંચતાં આવડે એટલું જ. બહુ ઊંડાણથી નહિ પણ મેં જેટલું વાંચ્યું છે ને જેટલી મને સમજણ છે, તેટલું મેં અમલમાં મૂક્યું છે.'

કારણ કે ખાદી પહેરવાથી ગરીબને રોજી મળે. એ ટાઇમ એવો હતો કે તે ટાઇમે અમે ઘરમાં રેટિયો કાંતતાં હતાં. મેં પોતે જાતે કાંત્યું છે. અમે તો બ્લાઉઝ જાતે જ સીવતા. એવી કરકસર કરતા. પૂણી કાંતીને એની આંટીઓ મેં બનાવેલી છે.

પછી **મોટા** મને કહે, 'આ સાડલા તું પહેરે છે ખાદીના. તે ફાટેલાં તૂટેલાં હશે ને તોય અમારે ગરીબ માણસને ચાલશે. તારા બે સાડલા હોયને, તે ફાટેલા હોય તે જ આપજે.' મેં કહ્યું, 'સારું.' પછી મને મનમાં એમ થયું કે **મોટા**ને કાંઈ ફાટેલા સાડલા અપાય ? મેં તો મારા કબાટમાં જે હતા, તે બે સાડલા મોકલ્યા, **મોટા**ને. નંદુભાઈ પણ **મોટા**ની સાથે બેઠેલા હતા. નંદુભાઈ અને **મોટા**એ સાડલા જોયા. પછી એ લોકોએ વિચાર કર્યો કે આવા ભારે સાડલા કેમ વપરાય ? પછી એ સાડલા **મોટા**એ પાછા મોકલાવ્યા. મને કહે, 'અમે ગરીબ માણસો મોંઘી સાડીનો ઉપયોગ નહિ કરીએ. અમે તો ફાટેલી સાડીનો ઉપયોગ કરીએ માટે ફાટેલી સાડી હોય તે જ આપો.' પછી ફાટેલી સાડી આપી.

પછી બીજે દિવસે અમે આશ્રમમાં આવેલાં, ત્યારે મેં જોયું તો તે સાડીનો ફેંટો બાંધેલો **મોટા**એ. મારે **મોટા** સાથે બહુ વાતો થતી.

**એક વખત *મોટા*એ મને પૂછ્યું, 'કમુ, રંગૂન હતી, ત્યારે તેં કેમ ગુરુ ના કર્યા ?' મેં કહ્યું, '*મોટા*, મને છૂતઅછૂતવાળા ગુરુ ના ફાવે. એટલા માટે મેં ગુરુ ના કર્યા.' એટલે અંગ્રેજીમાં *મોટા* બોલ્યા, very good. પછી *મોટા* કહે, 'જો કમુ, હું કોઈનો ગુરુ છું જ નહિ. ગુરુનું કોણ સાંભળે છે ? ગુરુનું કોણ માને છે ? એટલે ગુરુ કરવાનો અર્થ જ કાંઈ નથી. જે મારું કામ કરે, તે જ મારો સાચો ભગત.'**

**મોટા** મને ઘણી વાર એમ કહેતા કે, 'તારે પ્રાર્થનામાં આવવું જ નહિ અને તારે મને પગે નથી લાગવાનું. તું મારું કામ કર, બસ. જે આ લોકો બધાં આવે છે તે 'તનમનિયા' એટલે કે ખાલી ખાલી માથાં નમાવે છે. તેથી કાંઈ વળવાનું નથી.'

**મારે તો મોટા એટલે જ ભગવાન.** હું કાંઈ મંદિરે-બંદિરે જાઉં પણ નહિ ને જાણું પણ નહિ. હું કોઈ દિવસ મંદિરે નહિ જાઉં. પહેલેથી જ.

સવારે અમે આશ્રમ આવીએ. **મોટા**ના ઓટલા ઉપર બેસીએ. **મોટા** ઓટલા ઉપર કેવા

બિરાજતા હોય. **મોટા**ની રૂમ છે ને તે ઓટલો. તે ઓટલા ઉપર પલંગમાં **મોટા** સૂતા હોય અને બેસતા પણ ખરા ને સત્સંગ પણ કરતા. **મોટા** ભજનો લખાવતા, તે પણ ઓટલા ઉપર જ. ધનસુખભાઈ ઘડિયાળી, અરવિંદભાઈ ચશ્માંવાલા એ બધાં ભજનો લખતા. અને ચૂનીભાઈ પણ ખરા, ભજનો લખવામાં. અમે બધાં બેસીએ. **મોટા** માટે પાપડી લાવ્યા હોઈએ તે છોલીએ. અમે **મોટા** માટે જ સો ગ્રામ પાપડી લાવતા ને ઓટલા ઉપર જ છોલતા ને દાણા કાઢતા. પછી એ જ શાક રોજ **મોટા** ખાતા. મોટી પાપડીના દાણાનું શાક રોજ ખાય અને **મોટા** માટે હું રોટલી બનાવું તેમ જ પોચો ભાત બનાવું. આટલું કરીને પરવારું અને પછી **મોટા** પાસે આવું ને થોડી વાર બેસું. તેવામાં **મોટા** તો ટાઈમ થાય એટલે ઘડિયાળ જુએ અને બોલે, ‘કમુ, ટાઈમ થઈ ગયો. ઊઠો હવે રસોડામાં જાવ.’ એટલે આપણે ચાલ્યા રસોડામાં. આપણને **મોટા**નો હુકમ થયો એટલે ખલાસ.

તે સમયે કોઈ નહોતું આવતું ભઈ, અમે પાંચ થી છ વ્યક્તિઓ આવતા. સવારના નવ વાગ્યા સુધી અમે બેસતા. રસોડામાંથી આવીને હું પગે લાગવા જાઉં, ત્યારે **મોટા** બોલે, ‘ઓ કમુ, પગે નથી લાગવું. જા, જા બસ આવી ગઈ. બસ આવી ગઈ. તું દોડ, દોડ, તું દોડ.’ **મોટા** પગે નહિ લાગવા દે. મને પગે લાગવા જ નહિ દે.

**સ્વજન :** શું કહેતા **મોટા** એ સમયે તમને ?

**કમુબા : *મોટા* કહેતા કે, ‘પગે નથી લાગવું. જા, તું મારું કામ કર. મારું કામ કરે એ મારો ભગત. મારું શોધીને કામ કરો. મારું બગડતું સગડતું હોય તે સુધારો. મને પગે લાગવાથી કોઈ દા’ડો નથી વળવાનો. એમાં કાંઈ તમારું કલ્યાણ થવાનું નથી. કશું કલ્યાણ નહિ થાય. મારું કામ કરો, બસ !’**

આપણે **મોટા**નું કામ કરીએ, ચિત્ત દઈને ને ધ્યાન દઈને, તો જ આપણું બધું આ સરસ ચાલી રહ્યું છે.

**સ્વજન :** કમુબા, પેલી વાત કરોને રતિકાકા બીમાર હતા તે ?

**કમુબા : રતિકાકા બીમાર હતા, ત્યારે અમે *મોટા*ને કાગળ લખેલો કે, રતિભાઈ બહુ બીમાર છે. ત્યારે *મોટા*નો કાગળ આવેલો કે, કમુને કહો કે *મોટા*ની વાતો કરે ને સત્સંગ કરે, રતિકાકા સાથે ! સત્સંગ કરો, સારું થઈ જશે. કાંઈ વાંધો નહિ આવે, પણ સત્સંગ કરો ને *મોટા*ના ધ્યાનમાં રહો.** એવું લખીને **મોટા**નો કાગળ આવેલો. રોજ અમે સત્સંગ કરીએ, હું રોજ રતિકાકા પાસે ભજન ગાતી. રતિકાકા ભજન સાંભળીને સૂઈ જતા. **મોટા** આવેલા પણ ખરા અમારે ઘેર, રતિકાકાને જોવા.

સવારના પાંચ વાગતામાં **મોટા** અમારે ઘેર આવે. અમે લોકો સૂતેલા ઊભા થઈ જઈએ અને દોડાદોડ કરી મૂકીએ. અમારા ઘરમાં છે, તે **મોટા**નો પૂજાનો ઓરડો બરાબર વ્યવસ્થિત કરીએ, પલંગ બિછાવી દઈએ ને **મોટા**ને બેસાડીએ. પછી હું જલદી જલદી નાહી લઉં, નાહીને મારી વાડીમાંથી ફૂલ લઈ આવું. ફૂલ, ચોખા, કંકુ, ચંદન આ બધાથી **મોટા**ની પૂજા કરું. **મોટા**નો અંગૂઠો ધોઉં, અમે બધાં અંગૂઠાનું પાણી પીએ. **મોટા**ની પાઘડીમાં ફૂલ મૂકું. **મોટા**ને પગે લાગું. **મોટા** માટે પછી ચા મૂકું.

ચામાં તો ખાલી ખાંડ વગરનો કાવો. ચા માટે પાણી મૂકેલું હોય તેમાં ખાલી ચા જ નાખવાની. દૂધબૂધ કશું નહિ. એ ચા **મોટા**ને આપું. આનંદ આનંદ થઈ જતો. બાપ રે બાપ ! આજે એ બધું યાદ આવે છે.

**સ્વજન : મોટા**એ રતિકાકાને શું કહ્યું હતું ?

**કમુબા :** રતિકાકાને **મોટા**એ એમ કહ્યું હતું કે, 'રતિભાઈ, બહુ પાસે નહિ આવો, દાઝી જશો.' રતિકાકાએ જવાબ એવો આપ્યો કે, '**મોટા**, કાંઈ વાંધો નહિ, દાઝી જવાય તો એમાં શું થઈ ગયું ?' પછી તો દઝાડ્યા અમને. દઝાડ્યા તો ખરા, પણ અમારું બધું પાછું વાળ્યું ને જેવા હતા તેવા **મોટા**એ અમને કરી દીધા. આજે બે પૈસાની જોગવાઈ છે, પાકાં મકાન છે, બધું જ છે. રસ્તામાં બેસાડી દીધેલા અમને, બધુંય વેચાઈ ગયેલું અને જપ્ત થઈ ગયેલું.

**સ્વજન :** કમુબા, **મોટા**એ એકવાર એવું કહેલુંને કે, 'રતિકાકા, મારો ભગવાન સારું કરશે, તું મારું કામ કર.'

**કમુબા : *મોટા*એ મને એમ કહેલું કે, 'મારું કામ તું કરશે, તો તારું કામ મારો ભગવાન કરશે.' મોટા** તો વારેવારે મને એવું જ કહેતા હતા.

એકવાર અમારો સુભાષ ધાબા પરથી પડી ગયેલો. હું તો આશ્રમમાં હતી. આશ્રમેથી જઈને હું બાથરૂમમાં ગઈ. એ સમયે મારો સુભાષ ઉપર અગાસીમાં હતો, એટલે કોઈ પતંગ આવ્યો, તે પકડવા દોડ્યો ને તે નીચે પડી ગયો. ત્યાં આગળ પીપડા જેવું બધું મૂકેલું હતું. કશું વાગ્યું નહિ. બિલકુલ નહિ વાગ્યું. જરા ઉઝરડો પણ નહિ થયો !

તે દિવસે જ ઝીણાભાઈ **મોટા** માટે શીરો લેવા ઘરે આવેલા. એટલે સુભાષ પડી ગયો, તે વાત ઝીણાભાઈ સાંભળી ગયેલા. **મોટા**ને એમણે વાત કરી હતી. પછી હું જ્યારે આશ્રમ આવી ત્યારે **મોટા**એ મને કહેવડાવ્યું કે, કમુબા★ને કહેજે કે આશ્રમમાં રહે. જાય નહિ. હું તો રહી ગઈ. હું **મોટા**ને રસોડામાં જમવાનું પીરસવા બેઠી ત્યારે **મોટા** બોલ્યા, 'તને વાત કરવાનું કશું પણ ભાન છે કે **મોટા**ને આપણે વાત કરીએ ?' મેં કહ્યું, '**મોટા**, શી વાત છે ? મને તો કંઈ ખબર નથી.' **મોટા** કહે, 'તારે ઘેર કાલે શું થયું હતું ?' મેં કહ્યું, 'હા **મોટા,** સુભાષ પડી ગયેલો. મને તો તમને વાત કરવાનો કાંઈ ખ્યાલ જ ના રહ્યો.' તો **મોટા** કહે, 'શું વાત કરે છે ? તું ભુલકણી છે સાવ. અરે, શકોરુંય★★ તારામાં કાંઈ નથી લેવાનું.' **મોટા** મને આવું બોલ્યા. પછી **મોટા**ની આંખમાં પાણી ભરાઈ આવ્યાં. પછી **મોટા**એ મને વાંસામાં હાથથી થાબડીને કહ્યું, **'કમુ , જો તું પ્રત્યક્ષ જો. આ ભગવાન તારું કામ કરી રહ્યો છે, ને તારું કામ ભગવાન કરશે.'**

**મોટા, ગુરુદેવ, મારા વહાલા દયા કરજો, પ્રભુ મારા.**

**તમારાં ચરણ શરણમાં રાખજો.**
**તમારામાં જીવ રખાવજો મારો.**
**બસ બીજું કાઈ નથી માગતી, તમારી પાસે.**

'શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ', પ્ર.આ., પૃ. ૧૨૬-૧૩૧❑

---

★ કમુબા = જેમનો પૂ. શ્રીમોટા સાથેનો સંબંધ અનન્ય અને સામાન્ય જન કરતો વેંત ઊંચો હતો, તેઓ રંગૂનવાળા પરિવારનાં આદરણીય મોભી હતાં. - સંપાદક

★★ શકોરું = નકામું, ઠેકાણા વગરનું.

# (૭) મૌનનો મહિમા

ગાંધીજી

સત્યના શોધકે મૌન રહેવું જોઈએ એવું મને ઘણી વાર લાગ્યું છે. ધારેલાં પરિણામ લાવવાની મૌનની અદ્‌ભુત શક્તિનો મને પરિચય છે. દક્ષિણ આફ્રિકામાં હું એક ટ્રેપિસ્ટ સાધુઓનો મઠ જોવા ગયો હતો. તેમાંના ઘણાખરા મૌનવ્રતધારી મુનિ હતા. મેં મઠના વડાને આવું વ્રત ધારણ કરનારાઓનો આશય શો છે તે પૂછ્યું અને તેમણે કહ્યું તે સ્પષ્ટ છે. 'આપણે બધા નબળા માનવી જીવો છીએ. ઘણી વાર આપણે શું બોલીએ છીએ તેનું આપણને ભાન હોતું નથી. આપણે કાયમ બોલ બોલ કર્યા કરીએ તો આપણા અંતઃકરણમાંથી ઊઠતો શાંત ઝીણો અવાજ આપણે કાને નહિ પડે.' એ કીમતી પાઠનો મર્મ હું સમજ્યો. મૌનના રહસ્યનો મને પરિચય છે.

यंग इन्डिया, ६-९-१९२५

અનુભવે મને એ પણ બતાવ્યું છે કે સત્યના પૂજારીએ મૌનનું સેવન કરવું ઘટે છે. જાણ્યે-અજાણ્યે પણ મનુષ્ય ઘણી વેળા અતિશયોક્તિ કરે છે અથવા જે કહેવા યોગ્ય હોય તે છુપાવે કે જુદી રીતે કહે છે. આવાં સંકટોમાંથી બચવાને ખાતર પણ અલ્પભાષી થવું આવશ્યક છે. થોડું બોલનાર વગર વિચાર્યે નહિ બોલે, પોતાના દરેક શબ્દને તોળશે. ઘણી વેળા માણસ બોલવાને અધીરો બને છે. 'મારે પણ બોલવું છે' એવી ચિઠ્ઠી કયા પ્રમુખને નહિ મળી હોય? પછી તેને વખત આપવામાં આવ્યો હોય તે તેને સારુ પૂરતો નથી થતો. વધારે બોલવા દેવાની માગણી કરે છે, ને છેવટે રજા વિના પણ બોલ્યા કરે છે ! આ બધાના બોલવાથી જગતને લાભ થયેલો ભાગ્યે જ જોવામાં આવે છે. તેટલા વખતનો ક્ષય થયેલો સ્પષ્ટ જોઈ શકાય છે.

आत्मकथा, પા. ૬૨

આપણે ક્રોધથી ભરેલાં માનવીઓ જો મૌનની ઉપયોગિતા સમજીએ તો જગતની લગભગ અડધી આપત્તિ ઓછી થઈ જાય. આધુનિક સુધારો આવી પડ્યો તે પહેલાં ચોવીસ કલાકમાંથી પાંચ છ કલાક તો શાંતિના આપણને મળતા જ હતા. આધુનિક સુધારાએ આપણને રાતનો દિવસ કરતાં ને સુવર્ણસમ શાંતિને બદલે પાર વિનાનાં હોહા ને શોરબકોર કરતાં શીખવ્યું. આપણે આપણા પ્રવૃત્તિમય જીવનમાં દિવસમાં ઓછામાં ઓછા બે કલાક પણ એકાંતમાં ગાળી શકીએ અને એ પરમ મૌનનો અવાજ સાંભળી શકીએ તો કેવું સારું ! **એ ઈશ્વરી રેડિયો તો હંમેશાં વાગી જ રહ્યો છે,** માત્ર એ સાંભળવા માટે આપણા કાન ને મન તૈયાર કરવાં રહે છે. પણ એ રેડિયો મૌન વિના સંભળાય એવો નથી. ખ્રિસ્તી સંત ટેરેસાએ મૌનના સુંદર પરિણામનું સરસ વર્ણન કરતાં કહ્યું છે :

'તમારી બધી ઇંદ્રિયો એકદમ ભેગી મળીને એકતાન બનીને તમને લાગશે, મધમાખો મધ-

પૂડામાં પાછી ફરીને મધ બનાવવાનું કામ કરવા પુરાઈ રહે એના જેવી એ લાગશે, અને આને સારુ તમારે પ્રયત્ન કે કાળજી નહિ કરવાં પડે. આમ, તમારો આત્મા પોતા પ્રત્યે જે બળજબરી કરે તેનું સુફળ ઈશ્વર તેને આપે છે, અને તેને ઇંદ્રિયો પર એટલું પ્રભુત્વ આપે છે કે એ આત્મા સ્વસ્થ અંતર્મુખ થવા માગે ત્યારે એક નિશાની કરતાંવેંત ઇંદ્રિયો એનું માની જાય છે. સંકલ્પનું બળ પહેલી વાર અજમાવતી વખતે તે જલદી જલદી પાછી ફરે છે. આખરે, એવા ઘણા પ્રયત્ન પછી, ઈશ્વર એ ઇંદ્રિયોને સંપૂર્ણ સમત્વ અને સંપૂર્ણ નિદિધ્યાસની સ્થિતિએ પહોંચાડે છે.'

હરિજનબંધુ, ૨૫-૯-૧૯૩૮

(મૌન) મારા શરીર તેમ જ આત્માને બન્નેને આવશ્યક થઈ પડ્યું છે. મૂળ તો મનનો બોજો હળવો કરવાને એ લીધેલું. વળી, મારે લખવાને સારુ વખત જોઈતો હતો. પણ કેટલાક વખત સુધી મૌન રાખ્યા પછી મેં એની આધ્યાત્મિક ઉપયોગિતા જોઈ. મારા મનમાં એકદમ ઝબકારાની પેઠે ઊગી આવ્યું કે એ વખતે હું ઈશ્વરપ્રણિધાન સારામાં સારું કરી શકું છું અને હવે મને લાગે છે કે મૌન મારે સારુ સ્વભાવસિદ્ધ વસ્તુ છે.

હરિજનબંધુ, ૨૫-૧૨-૧૯૩૮

મારા જેવા સત્યના શોધકને સારુ મૌન મોટી મદદરૂપ થાય છે. મૌનની સ્થિતિમાં આત્માને પોતાનો રસ્તો વધારે સ્પષ્ટ દેખાય છે અને પહેલાં મનની પકડમાંથી સરી જતું તેમ જ ભ્રામક ભાસનારું ઓગળીને સ્ફટિક જેવું સાફ સૂઝવા લાગે છે. આપણું જીવન સત્યની લાંબી તેમ જ કઠણ ખોજના સ્વરૂપનું છે અને આત્માને પોતાના સંપૂર્ણ ઉચ્ચ સ્વરૂપને પામવાને અંતરની નિરાંત ને આરામની જરૂર રહે છે.

હરિજન, ૧૦-૧૨-૧૯૩૮

'સત્ય એ જ ઈશ્વર છે', પ્ર. આ., પૃ. ૬૪ ❏

---

સાધનાની ઉત્તરોત્તર કક્ષાઓમાં 'ગુણ' નો પણ વિલય થયા કરે છે. આપણી જીવકોટિમાં સત્ત્વગુણ જેવો હોય છે, તેવો ને તેવો કંઈ તે ચેતનપણાની કક્ષામાં નથી રહેતો. એની ભૂમિકા હોવા છતાં તેનાં પ્રકાર અને કક્ષા તો તદ્દન જુદી જ રીતનાં હોય છે. સાધનાની પરિપક્વ ભાવનાથી પ્રગટેલો સત્ત્વગુણ જ્ઞાનના અનુભવપણામાં પ્રગટતો રહ્યા કરે છે. રજસ તેવી કક્ષામાં જીવનમાં શક્તિના સ્વરૂપમાં પ્રગટતો રહ્યા કરે છે, ને તમસ તે ગુણ કોઈ પરમ શાંતિમાં, કોઈ અવર્ણનીય શાંતિમાં, કોઈ પરમ વિમલ એવી સ્થિરતામાં પરિણામ પામતો જતો અનુભવાય છે.
('જીવનપોકાર', આ.૪, પૃ. ૪૨૪)

સાધનાના માર્ગમાં જાગૃતિ એ તો મોટામાં મોટું સાધન ને લક્ષણ છે. જેવી ને જેટલી જાગૃતિ તેટલું ને તેવું કામ પાકવાનું. આધ્યાત્મિક માર્ગનું પણ ચોક્કસ વૈજ્ઞાનિક શાસ્ત્ર છે. એમાં કશું યદ્વાતદ્વાપણું નથી.
('જીવનપોકાર', આ.૪, પૃ. ૪૧૮) **- શ્રીમોટા**

# (૮) નડિયાદ શિબિરમાં પૂજ્ય શ્રીમોટાનો શુભ સંદેશ



સૌથી પ્રથમ તો તમારા બધાંની હૃદયથી ક્ષમા માગી લઉં છું કે તમારા બધાંની સાથે પૂ. શ્રીરંગ અવધૂતજીની ભાવનામાં રંગાવાને, મસ્તી અનુભવવાને આવી શકાયું નથી.

આજે સવારે બિલોદરાના ગામ લોકોની સાથે મળવાનું પહેલાંથી નક્કી થઈ ગયેલું હતું, ને બપોર પછીથી તો અમદાવાદ જવાનું નક્કી થઈ ગયેલું છે જ.

જેની ભક્તિ કરતા હોઈએ તેનો રંગ લાગે. જો જીવદશા મોળી પડતી જતી ન લાગે, સ્વાર્થમાં જ જો રચ્યાપચ્યા રહેવાનું હોય તો એને ભક્તિ કહેવાય કે કેમ તે કૃપા કરી આપણે બધાંએ અંતર્મુખ બની સમજી લેવું ઘટે છે.

ગુજરાતમાં પૂજ્ય બાપજી થયા, જે વિદ્યાર્થી અવસ્થામાં પણ તેવા જ તેજ હતા, તે મારો અનુભવ છે. અમે બંને એક જ જિલ્લાના, પરસ્પરનો સંબંધ કૉલેજમાં પણ ખરો. બંનેએ પ્રભુકૃપાથી એક જ ક્ષેત્રમાં પ્રયાણ કર્યું.

પરંતુ મેં જે ક્ષેત્ર લીધું છે ને જે કર્મ શ્રીપ્રભુ કૃપાથી થયે જાય છે તેના પરત્વે પૂજ્યશ્રી બાપજીના હૃદયનો સંપૂર્ણભાવ, પ્રેમ ને હમદર્દી હતાં, ને તેઓશ્રીએ પોતે મને તેઓશ્રીના શ્રીમુખે તેમ કથેલું છે.

હરદ્વાર જતાં જતાં પણ વગર નોતર્યા પોતે અહીં આશ્રમમાં પધાર્યા. દોઢ-બે કલાક બિરાજ્યા. વિવિધ પોઝના ફોટા પણ લેવરાવ્યા અને કહ્યું કે 'મોટા ! તારે હમણાં જવાનું નથી. હું આગળ જઈને તારે માટે જગા કરી રાખીશ, ને પછીથી તારે આવવાનું છે.' આવી તેમની ..... મહોબ્બત આ જીવ પર હતી.

ભક્તિ ને પરમાર્થના કર્મમાં સાકાર થવા દેવાની નેમ શ્રી પ્રભુ....... થી આ જીવની છે.

ભક્તિ તો મર્દાનગી આદિ ગુણ જીવનમાં પ્રકટાવે છે ને જીવનની........... પલટાવી નંખાવે છે તે જ ભક્તિ સાચી. તેનું આપણને બધાંને તીવ્ર ભાન જાગો એવી પ્રાર્થના છે.

લિ. આપના

મોટાના જયશ્રી અવધૂત દત્ત.

સાભાર,

શ્રી રંગદર્શન, નવેમ્બર, ૧૯૭૧

પ્રેષક : ભરતસિંહ રામસિંહ વાંસિયા - સચીન

નોંધ : બહુ જ જૂનું સાહિત્ય હોઈ તેના અમુક અક્ષરો કપાઈ ગયેલ હોઈ........ એમ ખાલી જગ્યાઓ છોડેલ છે. - સંપાદક ❑

હરિઃૐ

સંતકૃપાથી છૂટે માયા પાંચે પાતક જાય જોને,
હરિની માયા બહુ બળવંતી, જંબૂરો એ જાણે જોને.
એ જંબૂરો છૂપો રહીને ખમ્યા પ્રમાણે આપે જોને,
પળ પળ એની કરુણાનાં નીર સાગરમાંથી ઝમતા જોને.

'શ્રીમોટાને સથવારે', પ્ર.આ., પૃ. ૧૫૬ **- રમેશભાઈ ભટ્ટ**

# (૯) તમે મારી સાથે સંબંધ રાખજો

શ્રી કાર્તિકેય અ. ભટ્ટ

એલ.ડી. આર્ટસ્ કૉલેજના પ્રાધ્યાપક શ્રી ‘મોટાચરણે’ના રચયિતા સાથે કામ કરતાં, ગુજરાતી વિષયના અધ્યાપક ડૉ. હેમંત દેસાઈ સંજોગોવસાત્ શ્રીમોટાના સંપર્કમાં આવ્યા. પરિણામ એ આવ્યું કે, ‘એ સંબંધે એમની જીવન પ્રત્યેની દૃષ્ટિમાં અને સ્વયં જીવનમાં એક મોટું પરિવર્તન આવ્યું; એટલું જ નહિ, વિરોધો અને અવરોધોથી ભરેલા અને વિષમ પરિસ્થિતિના જીવનને સહ્ય બનાવ્યું.’ દિવંગત શ્રી હેમંતકુમારની પ્રથમ મુલાકાત શ્રીમોટા સાથે શ્રી ઈન્દુકુમાર દેસાઈને ત્યાં થઈ હતી. આ મુલાકાત દરમિયાન શ્રી હેમંતભાઈએ નાસ્તિક મનઃસ્થિતિમાં દૂરથી જ શ્રીમોટાનાં દર્શન કર્યા હતા.

એકવાર શ્રી ઈન્દુકુમાર દેસાઈએ પ્રો. એ. જી. ભટ્ટ સાહેબની પ્રસ્તાવનાવાળું શ્રીમોટા દ્વારા અનુષ્ટુપ છંદમાં રચિત ‘નિમિત્ત’ પુસ્તકની હસ્તપ્રત આપતા હેમંતભાઈને કહ્યું, ભટ્ટ સાહેબની આ પ્રસ્તાવના તમારે થોડી ટૂંકાવવાની છે અને ભાષાની દૃષ્ટિએ જોઈ સુધારવાની છે. સાથે આ મૂળ પુસ્તક પણ રાખો, વાંચજો, તમને રસ પડશે. શ્રી હેમંતભાઈને શ્રીમોટા દ્વારા રચિત નિમિત્તે પુસ્તકની હસ્તપ્રત પાછી આપતા કહ્યું, ‘આ ‘નિમિત્ત’નું મારે કાંઈ કામ નથી, ભટ્ટસાહેબની પ્રસ્તાવના મૂકી જાવ. તમારા કહ્યા મુજબ બધું કરી દઈશ.’ ઈન્દુકુમારે આગ્રહપૂર્વક બંને હસ્તપ્રતો આપી.

મજાની વાત તો એ છે કે ભટ્ટસાહેબ પ્રસ્તાવનામાં મૂળ પુસ્તકમાં અવતરણો ટાંક્યાં હતાં તે વાંચતા હેમંતભાઈને થયું કે ‘નિમિત્ત’ પુસ્તક વાંચવું જોઈએ, અને વાંચતા વાંચતા હેમંતભાઈને કેટલેક સ્થળે શબ્દની અને છંદની મુશ્કેલી જણાઈ અને હેમંતભાઈએ તેની ખાસ્સી લાંબી નોંધ કરી. ઈન્દુભાઈને આ નોંધ આપતા હેમંતભાઈએ કહ્યું, ‘મારે જાતે જ પૂ. મોટાને રૂબરૂ મળીને એ નોંધ બતાવવી જોઈએ.’ ફરી શ્રીમોટાને મળવાનું થયું. ઈન્દુકુમારે વાત છેડી હેમંતભાઈનો પરિચય શ્રીમોટાને કરાવ્યો. શ્રીમોટા પહેલાં તો અકળાયા. આછો રોષ પણ કર્યો પછી પ્રેમથી હસીને હેમંતભાઈએ કરેલી નોંધ જોવા તૈયાર થયા. હેમંતભાઈ એક પછી એક શ્લોક વાંચતા ગયા અને શ્રીમોટા એ સાંભળતા ગયા અને શ્રીમોટાએ હેમંતભાઈએ કરેલા કેટલાક સુધારા યથાતથ સ્વીકાર્યા. બીજા કેટલાકના મૂળના શબ્દો બદલીને પોતે જ સુધારા કર્યા. બધું પત્યા પછી રાજી થઈને શ્રીમોટાએ ઈન્દુકુમારને કહ્યુ, ‘મારું બીજું પુસ્તક ‘રાગ-દ્વેષ’ પણ હેમંતભાઈને બતાવો અને કરેલા સુધારા લઈને તમે બંને મને પાછા મળો. જ્યારે હેમંતભાઈ આ સુધારા લઈને શ્રીમોટા પાસે ગયા ત્યારે શ્રીમોટાએ પૂર્વવત્ મૂળને સુધારી મઠારીને તેને અંતિમરૂપ આપતા ગયા. બેઠક લાંબી ચાલી. બેઠકને અંતે ઊઠતી વખતે શ્રીમોટાએ એક માર્મિક વાક્ય હેમંતભાઈને કહ્યું, **‘તમે મારી સાથે સંબંધ રાખજો.’**

ઈ.સ. ૧૯૭૨ના મકરસંક્રાંતિને દિવસે

હેમંતભાઈએ કફોડી શારીરિક અને માનસિક સ્થિતિમાં, અસહ્ય દુ:ખ વેળાએ મોટેથી ‘હરિ:ૐ’ બોલીને શ્રી મોટાને યાદ કર્યા અને **ક્ષણાર્ધમાં તેઓ પ્રત્યક્ષ થયા અને બોલ્યા,** ‘હું બેઠો છું ભઈલા ! બીજી ક્ષણે હેમંતભાઈને હળવાશ થઈ ગઈ. એમની લાંબા સમયથી ચાલતી તકલીફો દૂર થઈ. આ પ્રસંગની અત્રે નોંધ એટલા માટે કરી છે કે આ પ્રસંગની જાણ શ્રીમોટાને કરાવતાં શ્રીમોટાએ કહ્યું હતું, ‘એ અનુભવ સાચો છે.’ આમ શ્રીમોટાએ હેમંતભાઈને એમની સાથે હોવાનો અને **પોતે સર્વવ્યાપીરૂપે હોવાનો પરચો બતાવ્યો.** ❑

---

## ‘હરિભાવ’ માસિકનું ઑક્ટોબર-૨૦૨૩ બાદ જેઓનું લવાજમ પૂરું થાય છે તેમની યાદી

| નંબર | નામ | ગામનું નામ |
|---|---|---|
| ૭૯૩૩ | ડૉ. આશુબહેન આડતિયા | વલસાડ |
| ૭૯૩૭ | અરવિંદભાઈ ઝવેરભાઈ મોદી | સુરત |
| ૮૫૨૯ | ભાનુભાઈ એચ. સોની | વડોદરા |
| FAM૦૧૧૪ | ગીતા ત્રિવેદી | યુ.એસ.એ. |
| ૭૯૩૨ | જગદીશ જી. ભાવસાર | નવસારી |

## ‘હરિભાવ’ માસિકનું નવેમ્બર-૨૦૨૩ બાદ જેઓનું લવાજમ પૂરું થાય છે તેમની યાદી

| નંબર | નામ | ગામનું નામ |
|---|---|---|
| ૮૫૧૬ | અનિલભાઈ પંડ્યા (ડૉ.) | સુરત |
| ૮૧૨૦ | ચંપકલાલ એલ. પુરોહિત | સુરત |
| ૮૫૨૨ | ચંદ્રાવતીબહેન ચૌધરી | અમદાવાદ |
| ૦૨૩૭ | ગૌતમકુમાર સી. ભૂતવાલા | સુરત |
| ૮૭૦૮ | ગોરધનભાઈ એસ. પટેલ | સાબરકાંઠા |
| ૭૯૪૬ | હિતેશભાઈ દેસાઈ | સુરત |
| ૮૫૨૩ | જનાર્દન એન. નાયક | અમદાવાદ |
| ૮૭૦૪ | જિગરભાઈ ટી. પ્રજાપતિ | અમદાવાદ |
| ૦૧૨૨ | મયંક તનસુખભાઈ પટેલ | મુંબઈ |

### ભૂલ સુધારણા

સપ્ટેમ્બર, ૨૦૨૩ ‘હરિભાવ’ના પૃષ્ઠ નં. ૧૫ ઉપર વડોદરાનિવાસી પૂજ્ય શ્રીમોટાનાં સ્વજન શ્રીમતી તરુલત્તાબહેન નંદકુમાર ચાવડાના દેહાવસાનની નોંધમાં તા. ૧૮, સપ્ટેમ્બર, ૨૦૨૩ છપાયેલ છે જે ભૂલ છે. સાચી તા. ૧-૮-૨૦૨૩ વાંચવા વિનંતી છે.

ઉપરોક્ત થયેલ ભૂલ બદલ ક્ષમા પ્રાર્થી છું.

– સંપાદક

## (૧૦) શ્રદ્ધા જ મુખ્ય, મૂર્તિ નહિ

શ્રીરંગ અવધૂત

શ્રીરંગ અવધૂતનાં દર્શને અમદાવાદના એક ગૃહસ્થ આવ્યા. પૂજ્ય બાપજીને પગે લાગી, સામે બેસી પોતાના અંતરની મૂંઝવણ રજૂ કરવા માટેની આજ્ઞા માગી. પૂજ્ય બાપજીએ કહ્યું કે **એવો એક પણ પ્રશ્ન નથી કે જેનો શ્રીસદ્‌ગુરુની કૃપાથી ઉકેલ ન હોય.** માટે જે કોઈ પ્રશ્ન તમારા મનને મૂંઝવતો હોય તે કોઈ સંકોચ વિના જણાવો.

ગૃહસ્થે જણાવ્યું કે હું ધ્યાનમાં બેસવાના પ્રયત્નો કરું છું, પણ મારું ચંચળ મન સ્થિર થતું નથી. એટલે મને મનમાં વિચાર આવ્યો છે કે મારી સામે કોઈ મૂર્તિ રાખી તેનું અવલંબન લઉં તો મનને સ્થિર કરવામાં કંઈક મદદ મળે. એટલે આપ કહો તે દેવની મૂર્તિ લાવી તેને સન્મુખ રાખી હું ધ્યાન ધરું.

પૂજ્ય બાપજીએ સૂચવ્યું કે કુળ પરંપરાના તમારા જે ઈષ્ટદેવ હોય તેના ઉપર શ્રદ્ધા ધરી પ્રેમથી પૂજા કરો. **શ્રદ્ધા જ મુખ્ય વસ્તુ છે.** ઘરના દેવસ્થાનમાં પૂજા માટે જે મૂર્તિઓ રાખી હોય તેમાંથી જ એક સુંદર મૂર્તિ તમને બહુ ગમતી હોય એને સન્મુખ રાખીને રોજ ધ્યાન ધરો, અથવા તમારા ઘરમાં જે કોઈ દેવ-દેવીઓના ફોટા કે છબીઓ હોય તે પૈકી જે છબી જોઈને તમને હૃદયમાં આનંદ થતો હોય તે છબીને સન્મુખ રાખીને ધ્યાન ધરો. એ ભાઈએ જણાવ્યું કે મારા ઘરમાં હું કોઈ દેવ, દેવી કે સંતનો ફોટો કે છબી રાખતો નથી. એટલો હું નાચીજ છું.

પૂજ્ય બાપજીએ પોતાના કોમળ સ્વરને સહેજ ઊંચો કરીને પૂછ્યું કે તો પછી તમે કોની છબીઓ રાખો છો ? ગૃહસ્થે કહ્યું કે મારાં સગાં-સ્નેહી, મિત્રો અને કુટુંબીજનોની છબીઓ રાખી છે. શ્રીઅવધૂતજીએ એકાદ પળ ગૃહસ્થની સામે જોઈને કહ્યું કે તો પછી તે છબીઓ પૈકી જે કોઈ છબી તમોને પ્રિય હોય તે ઉતારી, સામે રાખી તેનું ધ્યાન ધરો ! ગૃહસ્થ જવાબમાં બોલ્યા કે એ બધી છબીઓ પૈકી મને તો મારી પત્નીની છબી ગમે છે, તો તેની છબી સામે રાખીને ધ્યાન ધરી શકું ?

પૂજ્ય બાપજી ક્ષણ બે ક્ષણ મૌન રહ્યા. સામે બેઠેલા ગૃહસ્થ ઉપર એક વેધક નજર નાખી મનમાં વિચારવા લાગ્યા કે આ તો જબરો નીકળ્યો ! આજુબાજુ બેઠેલા અન્ય ભક્તોની ઉત્સુકતા આ વાતોથી વધી ગઈ. થોડીવાર પછી પૂજ્ય અવધૂતજીએ કહ્યું કે તમે તમારી પત્નીની એક સુંદર છબી સામે રાખીને ધ્યાન-ધારણા કરો તેમાં કોઈ વાંધો નથી, પરંતુ તેમ કરતાં તમારું મન સ્થિર થવું જોઈએ. પત્નીનું ધ્યાન ધરતાં મનમાં વિકૃતિ ન આવે, વિકાર પેદા ન થાય એવો વિશ્વાસ હોય તો પ્રયાસ કરી જુઓ. આ સાંભળી ગૃહસ્થથી એકદમ બોલાઈ જવાયું કે અગ્નિ પાસે દારૂ ધરતાં એકદમ ભડકો જ થાય, એમ સુંદર પત્નીનું ધ્યાન ધરતાં વાસના જ પ્રદીપ્ત થાય એટલે એવું ન થાય એવું તો મારાથી નહિ બની શકે.

પૂજ્ય અવધૂતજીએ છેલ્લે કહ્યું કે તો પછી હું કહું તેમ કરો. તમારી જન્મદાત્રી જે મા છે, તેનો જે સુદર ફોટો હોય તે સામે રાખીને ધ્યાન ધરો એટલે મન પ્રસન્ન રહેશે અને વિષય વિકાર છિન્નભિન્ન થઈ જશે. માની સુંદર છબીનું સાત્ત્વિક આલંબન વાસનાને દૂર ભગાડી દઈ, મનને નિર્મળ કરશે.

'શ્રીરંગલીલામૃત', બીજી આ., પૃ. ૩૫૮-૩૬૦ (સંકલન) ❑

## (૧૧) દિવ્યતાનાં દર્શને

પારુલબહેન આર. પટેલ

કેટલીક વખત ગુરુતત્ત્વ ક્યાંથી અને કેવી રીતે જીવનવયને ભક્તિને માર્ગે જવાની દોરવણી આપવા પહોંચી આવે છે તે ખરેખર આશ્ચર્યની વાત છે. જેમનું નામ પણ જે લોકોએ નહોતું સાંભળ્યું તેવા લોકોને દર્શન આપી તેમની દિવ્યતાના પરચા આપી, વ્યક્તિના જીવનને ઉજાગર કરવા આવી જાય છે.

શ્રી હૈડાખંડી બાબાજી પણ એવી જ રીતે અંબાજી અને ગુજરાતમાં આવી અનેકોના દિલ જીતી લઈ શ્રદ્ધાનો દિપક પ્રગટાવી ગયા.

તેઓશ્રીનું નિમિત્ત મુખ્ય તો દાતા સ્ટેટ છે કારણ કે દાતા સ્ટેટના જે દરબાર ભવાનીસિંહજીના ગુરુ શ્રી મહેન્દ્ર મહારાજ હતા.

ઉત્તરાખંડ એટલે દેવ દર્શન અને દિવ્ય–વિભુતિઓના દર્શનનો પ્રદેશ, ભારતની ભૂમિમાં આ પ્રદેશ એક આગવું સ્થાન ધરાવે છે. કારણ કે ચારધામના દર્શન આ પ્રદેશમાંથી જ થાય છે જેનો લાભ લાખો લોકો દર વરસે લે છે. આજે આપ સૌને એક એવા અદ્દભુત અને દિવ્ય મહાવતાર શ્રી હૈયાખંડી બાબા વિશે જણાવીશું. જે મારા ગુરુ પૂજ્યશ્રી મોટાની સાથે શ્રી હૈડાખંડી બાબાજીએ પણ મારા આધ્યાત્મિક પથને વધુ દઢ અને પ્રકાશિત કરવામાં ભાગ ભજવ્યો છે. આવા અલૌકિક બાબાજીના વિશે વર્ણન કરવું તેને હું મારું અહોભાગ્ય માનું છું. તેમની દિવ્યતા અને અલૌકિકતાને વર્ણવવા મારી સમર્થતા અપૂર્ણ હોવા છતાં પણ તેમની જ કૃપા અને આશીર્વાદથી જ તેમના દ્વારા મને જે જ્ઞાન અને સમજ મળી છે તેને પૂરો ન્યાય આપવા પ્રયત્ન કરીશ.

ઈ.સ. ૧૮૩૪માં ઉત્તરાખંડના રાનીખેતમાં એક કિરણ દરરોજ લોકો આકાશમાંથી પૃથ્વી પર પડતું જોતા અંધશ્રદ્ધા અને વહેમમાં જીવતા લોકો આ જોઈ ખૂબ જ ગભરાઈ જતા કારણ કે ત્યારે ગરીબાઈ, અજ્ઞાનતા, ભૂતપ્રેત, અંધશ્રદ્ધામાં ડૂબેલ આ પ્રદેશના લોકોમાં ભણતરના નામે પણ વિમુખતા જોવા મળતી તેથી આ કિરણના આવવાથી અને શંકા-કુશંકાઓથી તેમના માનસ કુંઠિત થઈ ગયા હતા. પરંતુ તેમાંથી એક-બે થોડા સમજદાર લોકોએ હિંમત ભેગી કરી આકાશમાંથી આવતા કિરણ સામું જોઈ પ્રાર્થના કરી કે આપ જે કોઈ હોય દેવતા, ભૂત-પિશાચ, રાક્ષસ આપ શા માટે આવી રીતે ચાલો છો ? અમારી અજ્ઞાનતા છે તેથી અમે આ બાબત સમજી નથી શકતા આપે જે કોઈ હો, પ્રગટ થાવ, અમે અમારાથી બનતી સેવા કરીશું, ત્યારે શ્રી હૈયાખંડી બાબાજી કે જેઓનો એકવડિયો અને લાંબો દેહ, દૈદિપ્યમાન પ્રકાશ સમાન દિવ્યતાથી ભરપૂર ચહેરાવાળા બાબાજીના દિવ્ય દર્શન લોકોએ કર્યા. બાબાજી આ લોકોના ભોળપણ અને નિર્દોષતા જોઈ આ પ્રદેશ પર તેમની કૃપા ઉતારી, બાબાજીએ લોકોમાંથી અજ્ઞાનતા દૂર કરવા માટે શિક્ષણને પ્રાધાન્ય આપ્યું. તેમણે શાળાઓની સ્થાપના કરી, પોતે ખુદ આયુર્વેદિક દવાખાનું ચાલુ કર્યું. લોકોને પોતાની દિવ્યતા

દ્વારા અંધશ્રદ્ધા, અજ્ઞાનતા અને ગરીબાઈમાંથી બહાર કાઢવા અનેક નાના મોટા પ્રયાસો દ્વારા લોકોમાંથી ડર, અજ્ઞાનતા દૂર કરી અને સ્વનિર્ભરતા પૂરી આ પ્રદેશને પવિત્ર અને દર્શનીય બનાવ્યો. આ પ્રદેશને તેમની દિવ્યતાનાં દર્શન કરાવ્યાં. આજે તો ખૂબ મોટી આયુર્વેદિક સંશોધન કેન્દ્રની સાથે આધુનિક હોસ્પિટલ વિશાળ ફલકમાં લોકોને દુઃખ-દર્દથી મુક્ત કરાવે છે. તે ઉપરાંત શિક્ષણ માટે પણ મોટી શાળાઓ અને કૉલેજો આવેલી છે. બાબાજીને લોકો આ પ્રદેશમાં 'મા'ની જેમ 'હૈડાખંડેશ્વરી મા' ના નામે પૂજે છે અને મોટું મંદિર પણ બનાવ્યું છે.

બાબાજીનું જ્યાં પ્રાગટ્ય થયું હતું ત્યાં આજે બાબાજીની ૧૮૩૪ના સ્વરૂપની પ્રતિમાની સ્થાપના કરી છે. મારો પોતાનો અનુભવ એવો રહ્યો કે જાણે તેમની અમીઝરતી દૃષ્ટિ મને તેમના અનન્ય પ્રેમમાં ડુબાડી રહી હતી. હું ભાવવિભોર બની ગયેલ કારણ કે ત્યાં ગવાતા ભજનો-આરતી અહીં અમદાવાદમાં પાલડીમાં આવેલ બાબાજીના ભક્ત શ્રી પ્રહ્‌લાદભાઈ પાઠકને ત્યાં દર સોમવારે ગવાતાં તેમાં હું અને મારા પતિ અવશ્ય જતાં. બાબાજીનાં દર્શન કરતાં હું અને મારાં બાળકો ચોધાર આંસુએ રડી પડ્યાં જાણે બાબાજીના વ્હાલ અને પ્રેમભર્યો સ્પર્શ અમે પામી રહ્યા હતા અને અનુભવી રહ્યા હતા.

આવા પ્રેમ પ્રદાયતા બાબાજી એક અમર બાબાજી તરીકે પણ લોકોમાં જાણીતા છે. એક વખત બાબાજીએ કહેલું કે પોતે અજન્મા અને જીવન-મૃત્યુથી પર છે તેવું કહેલું ને તેમણે તે સાબિત પણ કરી આપેલું કે જ્યારે હજારોની સંખ્યામાં લોકો ગૌતમીગંગાને કિનારે બાબાજીનાં દર્શન અર્થે ભેગા થયેલા ત્યારે ગંગાજી પર ચાલતા એકદમ અદૃશ્ય થઈ ગયેલ તેમનો દેહ ત્યારપછી ત્યાં ગયો, કેમ ઓગળી ગયો તે આશ્ચર્ય પમાડતો જ રહ્યો છે. આ સમય હતો ઈ.સ. ૧૯૨૦ની સાલનો. બાબાજી આટલા બધા વરસ આ સ્થૂળ શરીરે કુમાઉપ્રદેશમાં રહ્યા અને લોકોને તેમની દિવ્યતા, પ્રેમ અને અલૌકિકતાનો અહેસાસ કરાવતા રહ્યા હતા. આજે તો રાનીખેત ખુદ જ મિલેટરીનું ખૂબ જ મોટું મથક અને ભારતીય ગૌરવગાથાનો મ્યુઝિયમ સાથેનું વડુ મથક બની ગયું છે. અનેક સંતોનાં પાવન પગલાંઓ આ ભૂમિને પાવન કરી છે. લાહરી મહાશયને આ પહાડોમાં અમર બાબાએ દિવ્ય સોનાનો મહેલ અને સ્વર્ગના દર્શન કરાવેલ.

હવે આ બાબાજીએ એક વખત તેમના પરમ અને પ્રથમ શિષ્ય, બંગાળના મહેન્દ્ર મહારાજને કહેલું કે મારો આ દેહ હવે આ સ્વરૂપ બદલશે અને નવા સ્વરૂપ સાથે મારું પ્રાગટ્ય થશે ત્યારે મહેન્દ્ર મહારાજે પૂછ્યું કે પ્રભુ આપનું ફરીથી પ્રાગટ્ય ક્યારે થશે ! ત્યારે બાબાજીએ જણાવેલ કે જ્યારે તું દેહ મૂકીશ એના બીજા વરસે હું પ્રગટ થઈશ અને મહેન્દ્ર મહારાજે તેમનાં જીવનપર્યંત પોતાનાં ગુરુના ગૌરવપૂર્ણ ભજનો અને સ્તુતિ તેમ જ આરતી દ્વારા ગુરુ તરફના આદરને વર્ણવ્યો છે જે આજે

**અનુસંધાન પેજ નં. ૨૬ પર**

## (૧૨) જીભ સુધરે તો જીવન સુધરે

ડોંગરે મહારાજ

ધ્રુવજી યમુનાજીના કિનારે ભક્તિ કરે છે. તેમના પિતા રાજમહેલમાં વિલાસી જીવન ગાળે છે. નારદજીએ નિશ્ચય કર્યો કે મારા શિષ્ય ધ્રુવજીના પિતાને મારે સુધારવો છે. **સંત જેને અપનાવે છે, તેના કુટુંબ માટે પણ તે ચિંતા કરે છે.** નારદજી રાજાનું કલ્યાણ કરવા ઇચ્છે છે. એમણે રાજાને કુશળ સમાચાર પૂછ્યા. રાજાએ કહ્યું, 'મહારાજ, એક સ્ત્રીના કહેવાથી મેં મારા બાળકનો તિરસ્કાર કર્યો, એ ઘર છોડીને ગયો.'

**નારદજી :** હવે રડવાથી શો લાભ ? બાળકનું અપમાન એ તો ભગવાનનું અપમાન. બહુ ખોટું થયું છે. હવે રડવાથી કંઈ બાળક ઘેર આવશે નહિ.

**મહારાજ :** નારદજી, આપ કહેશો તે હું કરીશ.

**નારદજી :** છ મહિના તારે અનાજ લેવાનું નથી. છ મહિના દૂધ ઉપર રહેવાનું છે. **જીભ સુધરે તો જ જીવન સુધરે.** જીભ ઇંદ્રિયોને વિષયોમાં દોડાવે છે. જીભ સુધરે તો મન સુધરે. છ મહિના મૌન રાખવાનું. બ્રહ્મચર્ય પાળવાનું. ભગવાનના નામનો જપ કરવાનો.

**હરે કૃષ્ણ હરે કૃષ્ણ, કૃષ્ણ કૃષ્ણ હરે હરે,**
**હરે રામ હરે રામ, રામ રામ હરે હરે.**

ભગવાનનાં ત્રણ નામ અતિશ્રેષ્ઠ છે. 'હરિ' નામ પાપ બાળે છે. શ્રીકૃષ્ણની આકર્ષણ શક્તિ કંઈક અલૌકિક છે. શુદ્ધ ઉચ્ચાર તરીકે 'કૃષ્ણ કૃષ્ણ' બોલવાનું છે. 'રામ' એ પરમાનંદ પરમાત્મા છે. બીજા મંત્રો એવા છે કે ગુરુ દ્વારા જ તે ગ્રહણ કરાય. જેણે મંત્ર સિદ્ધ કર્યો છે, તે જ તે મંત્ર બીજાને આપી શકે, પણ આ મંત્ર એવો દિવ્ય છે કે એમાં ગુરુની જરૂર નથી. આ મંત્ર પથારીમાં બેઠાં બેઠાં પણ જપી શકાય છે. નારદજી રાજાજીને સાવધાન કરે છે. આ મહામંત્રનો છ મહિના તારે જપ કરવાનો છે. દૂધ ઉપર રહીને બરાબર તું જપ કરીશ તો છ મહિના પછી બાળક આવશે.

ધ્રુવજી મધુવનમાં યમુનાજીના કિનારે આવ્યા છે. એક દિવસ ઉપવાસ કર્યો છે. બીજા દિવસથી તપશ્ચર્યાનો આરંભ કર્યો છે. ત્રણ દિવસ એક આસન ઉપર બેસી ચતુર્ભુજ નારાયણનું ધ્યાન કરતાં કરતાં મહામંત્રનો જાપ કરે છે. ત્રણ દિવસે ઊઠી કંદમૂળ ભગવાનને અર્પણ કરી એકવાર ખાય છે. પછી છ દિવસ એક આસને બેસે છે. ત્રીજા મહિને સંયમ વધારી નવ દિવસ એક આસન ઉપર બેસે છે.

ધીરે ધીરે તમે પણ સંયમ વધારજો. ભક્તિ વધારજો. માનવીને સુખ આપનાર 'સંયમ' છે. જેના જીવનમાં ઇંદ્રિયોનો સંયમ છે, જેના જીવનમાં ભક્તિનો નિયમ છે, તેને યમરાજા પણ સજા કરતા નથી.

કેટલાક લોકો કથા થાય ત્યારે ભક્તિ ખૂબ કરે છે. એકવાર ભોજન કરશે, કોઈની નિંદા કરશે નહિ. બધા સંયમ પાળશે. પણ જ્યાં કથા પૂરી થઈ કે પછી ભક્તિની પણ પૂર્ણાહુતિ થાય છે. કથાની ભલે પૂર્ણાહુતિ થાય પણ ભક્તિની પૂર્ણાહુતિ ના કરશો.

હવે ધ્રુવજી ફળ પણ ખાતા નથી. યમુનાજીનાં જળનો આહાર કરે છે. હૃદયમાં નારાયણનું રૂપ હવે પ્રગટ થયું છે. **નામ રૂપને પ્રગટ કરે છે.** જેનું નામ તમે સતત રટણ કરો, તે રૂપ આંખની આગળ પ્રગટ થશે. રૂપ પરતંત્ર છે, નામ સ્વતંત્ર છે.

'શ્રીમદ્ ભાગવત રસામૃત', પ્ર. આ., પૃ. ૨૫૯ ❑

## (૧૩) પૂજ્ય શ્રીમોટાના ૧૨૫મા અવતરણ વર્ષ નિમિત્તે -૧૨

બાલુભાઈ પટેલ

(૧) સંતમિલન : હું હાલ ઉમરા (અઠવા) સુરતમાં રહું છું, ઈંગ્લેંડથી ૧૯૬૬માં આવ્યા પછી જીવનની દિશા-દશા બંને બદલાયા. ભૌતિકતાનો રંગ, અધ્યાત્મ દિશામાં વળ્યો - છાપરા ભાઠા - અમરોલી વટિયાવ ગામ મારી બહેનના જેઠ નામે ઠાકોરભાઈ વડાવિયા. હરિઃૐ આશ્રમ, જહાંગીરપુરા લગભગ રોજ જતા. પૂજ્ય શ્રીમોટા સાથે નિકટનો આત્મીય સંબંધ. મને ભલામણ કરી દર્શન કરવાની. ૧૯૭૧ લગભગ હું મારાં ધર્મપત્ની આશાબહેન અને દીકરા શંકરભાઈ ઘોડાગાડીમાં હરિઃૐ આશ્રમ ગયા. સવારે ૧૦:૦૦ સમય હતો. પૂજ્ય શ્રીમોટા બહાર પલંગ પર આરામ કરતા હતા. હું સાથે નવ ગુલાબનાં પુષ્પો લઈ ગયેલો. એમની દિવ્ય દૃષ્ટિ પડી. મેં એમનાં કરકમળમાં પુષ્પો મૂક્યાં. હૃદયના ભાવથી વંદન કર્યું. અમે બધાએ. એમનો ચહેરો હજી આજે પણ મારી સ્મૃતિમાં છે. નિર્મળ ચહેરો, કરુણાભાવ દીઠા મેં એમની દૃષ્ટિમાં. હું તો શું માંગી શકું, પણ એમણે જે મને આપવાનું હતું તે દૃષ્ટિ આશીર્વાદથી આપ્યું. એમણે આશીર્વાદમાં એવું ને એટલું આપ્યું, જે ક્યારેય ઘટે નહિ. જેમાં મારું પરિવારનું હિત શ્રેય, કલ્યાણ હતું. હૃદયથી આપ્યું.

ઠાકોરભાઈ વડાવિયા પાસે જે પૂજ્ય શ્રીમોટાના પુસ્તકો હતાં તે ગૂણભરી મને આપ્યા. જેમાં એક એમના હાથે રફ લખાયેલી નોટ હતી. જેમાં એમની ભાવ વાણી, મેં ઘણાં વર્ષો સાચવી રાખી. સમયે તક મળતાં આ પારેખ સાહેબ મારફતે આશ્રમમાં સંચાલક શ્રી લાપસીવાલાને મોકલી. પત્રથી મારો ઘણો આભાર માન્યો. જે એ પુસ્તકરૂપે પ્રગટ કરી. મારું સદ્‌ભાગ્યપણું આ જન્મનું આ નિમિત્તે હું પૂજ્ય શ્રીમોટાને મળ્યો. સંપર્કમાં રહ્યાનો આજ પણ વિશેષ આનંદ છે. હાલ મારું શરીરનું ૮૬મું વર્ષ ચાલે છે. ૧૫-૯-૨૩ના રોજ ૮૭ વર્ષમાં પ્રવેશ પૂજ્ય શ્રીમોટાનો ધ્યેય-માનવસેવા - કેળવણી સંસ્કાર સિંચન-બાળકોનાં શિક્ષણ માટે પાયાનાં ઘડતર બન્યાં. શાળાના ઓરડાઓ બનાવ્યા. ‘સમાજ એ મારો ભગવાન છે.’ એમના જ સહઅધ્યાયી મિત્ર પૂ. રંગઅવધૂત નારેશ્વર સાથે ભણેલા. એમનું સૂત્ર છે ‘પરસ્પર દેવો ભવ.’ વર્તમાનમાં આ બંને દિવ્ય વિભૂતિઓએ સમાજને બદલી નવી દિશામાં વાળ્યો એમનું ઋણ, વ્યક્તિ, પરિવાર, સમાજ કે રાષ્ટ્ર ચૂકવી શકવાના નથી. વર્તમાનમાં હું માનવસેવાનું કાર્ય ૧૯૯૮થી આહવા, ડાંગ, વાંસદામાં સુરત માનવસંઘ છાંયડો, પ્રમુખશ્રી ભરત શાહ સાથે પ્રવૃત્તિઓમાં સહયોગ સહકાર આપી શેષ જીવન આનંદથી સદ્‌ગુરુ જીવાડે છે ગુરુકૃપાથી.

(૨) બીજો પ્રસંગ-મારા સદ્‌ગુરુ મામૈયાબાપા - રવિભાણ પ્રણાલિની એમના ગુરુશ્રી હરજીવનદાદાએ ભલામણ કરેલી, સુરત જાવ તો પૂજ્ય શ્રીમોટાના દર્શન કરજો. છાપરાભાઠાનાં ડાહ્યાભાઈ જે ઠાકોરભાઈ વડાવિયાના જ નાના ભાઈ. ડાહ્યાભાઈ સાથે પૂ. મામૈયા બાપા. હરિઃૐ આશ્રમ ગયેલા.

બંને સંતોનું મિલન એ વાણી શબ્દોથી પરનું હોય છે. બંને ઘણા જ પ્રેમથી મળ્યા. મારા સદ્‌ગુરુ મામૈયાબાપાએ પૂજ્ય શ્રીમોટાના બંને પગના તળિયા જીભ વડે ચાટ્યા. શા માટે એ એજ જાણે. બાપાએ પૂજ્ય શ્રીમોટાને કહ્યું, મોટા જવાની ઉતાવળ ન કરતા. (મહાપ્રયાણ માટે) પૂજ્ય શ્રીમોટા બોલ્યા બાપા શું કરું, ઘણા જ રોગો આ શરીરમાં છે. બાપા બોલ્યા, મોટા રોગો તમારા શરીરને છે. શ્વાસ ઉચ્છ્‌વાસના બે ત્રાગડા, આત્માને કયા રોગ છે. બંને સંતનું મિલન એ જ જાણે, ભાવ, ભાષા, મળવાનો હેતુ અને નજીકના સમયમાં જ પૂજ્ય શ્રીમોટાએ મહાપ્રયાણ કર્યું. આજે પણ એમની અવ્યક્તશક્તિ, ભક્તોના હૃદયમાં, પ્રત્યક્ષ પ્રમાણ, હાજરીની અનુભૂતિ કરાવે છે. એમના આદેશ-બોધ-કાર્ય - જે એમણે આપ્યું છે. એમાં આપણે સૌ સહભાગી-સહયોગી-બની પૂજ્ય શ્રીમોટાના કૃપાપાત્ર બનીએ એ જ પ્રાર્થના. ‘હું યોગી બનું કે ન બનું પણ કોઈને ઉપયોગી જરૂર બનું એ ભાવના સાથે હરિઃૐ.’ ❑

**ગયેલા આત્માને...**


નરોડાનિવાસી પૂજ્ય શ્રીમોટાના પરમભક્ત, નર્મદામૈયાની બે વખત પ્રદક્ષિણા કરનાર અને ઉચ્ચ આત્મજ્ઞાનના અભ્યાસી એવા વડીલ શ્રી વિષ્ણુભાઈ મણીલાલ અમીનના ધર્મપત્ની સુલોચનાબાનું તા. ૫-૯-૨૦૨૩ને મંગળવારે દેહાવસાન થયેલ છે.

પૂજ્ય શ્રીમોટા તેઓને યશકલ્યાણ પ્રેરે તેવી પ્રાર્થના. - **સંપાદક**

**અનુસંધાન પેજ નં. ૨૩ નું ચાલુ**

સર્વ જગ્યાએ ભજનો તરીકે ગવાય છે. બાબાના વિધાન અનુસાર શ્રી મહેન્દ્ર મહારાજે ઈ.સ. ૧૯૭૦માં પોતાનો દેહ છોડી દીધેલ અને ઈ.સ. ૧૯૭૧માં બાબાજી હૈડાખાન પ્રદેશમાં એક ગુફામાંથી ૨૦ વરસના યુવાન તરીકે પ્રગટ થયેલા જેઓ હૈડાખાન બાબા તરીકે જાણીતા છે. તે જગ્યા આમ તો નૈનિતાલથી પાછા વળતા તળેટીમાં દૂર ગૌતમીગંગાને કિનારે દેખાય છે. રાત્રે ત્યાંની લાઈટો નૈનિતાલથી સ્પષ્ટ જોઈ શકાય છે. પરંતુ બાય રોડ ત્યાં જવા માટે છેક હલદાની જવું પડે છે અને ત્યાંના પહાડોમાં ૩૫ કિ.મી. દૂર તળેટીમાં આવેલ છે ત્યાં બાબાજીનું આ નવું સ્વરૂપ પ્રગટ થયેલ તે ગુફા અને બાબાજીએ એ ક્ષેત્રને પાવનધામ બનાવ્યું તેનાં દર્શન સાથે આજે વિશાળ મંદિર, સભાખંડ, ભક્તોને રહેવાનાં રહેઠાણ, જમવા માટે રસોઈગૃહ તેમ જ શાળાઓની પણ ત્યાં બાબાજીએ લોકોના કલ્યાણ માટેનાં અનેક સ્થળો વિકસાવ્યાં છે. કહેવાય છે કે હૈડાખાન બાબા બાબાજી એક ‘સ્ટાર’ એટલે કે દિવ્ય તારા કે જ્યોતિસ્વરૂપ આકાશમાં વિહરતા અનેક ભક્તોએ અને આપણા અમદાવાદના ભક્તોએ પણ જોયેલા છે. તેમાં પ્રો. સુનિલાબહેન પ્રહ્‌લાદભાઈ પાઠકે તેમના પિતાજી અને માતાજી તે ઉપરાંત અન્ય ભક્તો સાથે આ દિવ્ય દર્શન કરેલાં તેમણે જ મને બાબાજીની દિવ્યતાની અનેક માહિતીથી અવગત કરેલ.

ક્રમશઃ ❑



સ્વામીશ્રી વિદ્યાનંદજી અને મહાત્મા ગાંધીજી



સ્વામીજી અને રાષ્ટ્રપતિ શ્રીરાજેન્દ્રપ્રસાદ

**HARIBHAV, OCTOBER, 2023**

" RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2021-2023
Valid upto 31st December - 2023 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to Post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Prepayment of postage No. PMG/NG/004/2021-2023
valid upto 31-12-2023



## ૧૯૨૪માં રચાયેલી પ્રાર્થનાઓ
## (મંદાક્રાંતા)

સ્હેવું એ તો અઘરું ઘણું છે પ્રેમનું દર્દ ઊંડું,
સ્વપ્નેયે ના સુખ, કદી ભૂલે માગશો કોઈ એવું,
પસ્તાશે જે તહીં નહિ જશે, જે જશે તેય રોશે,
ન્યારી એવી અકળ ગતિ છે પ્રેમના પંથની તે !

તારું મંગળ નામ હું હૃદયથી ભૂલીશ કેમેય ના,
છો ને પ્રાણ જતા, છતાં પણ કદી હું ટેક મૂકીશ ના,
જારી યત્ન રખાવવો હૃદયથી છે હાથ તારે પ્રભુ !
મારો યજ્ઞ કરાવતો ન તપનો તું ભંગ કો દી પ્રભુ !

- શ્રીમોટા

'જીવન દર્શન', નવમી આ., પૃ. ૧૯,૨૦

Printed and Published by SURESHCHANDRA M. VORA on behalf of HARIWANI TRUST and
Printed at Sahitya Mudranalaya pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road,
Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor : SURESHCHANDRA M. VORA   E-mail : hariwanitrust@gmail.com

**If Undelivered Please return to : 'Hariwani Trust'**
B/5, Swastik Apartment, Narayannagar, Paldi,
Ahmedabad - 380 007